Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : ૨૯૨
તા.૦૧-૧૨-૨૦૧૭, શુક્રવાર
સંવત ૨૦૭૪ માગસર સુદ - ૧૨
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૭:૦૫ સૂર્યાસ્ત : ૦૫:૫૨

તાપમાન
ડીસા ૧૩.૩
અમદાવાદ ૧૩.૨
ગાંધીનગર ૧૧.૮
વડોદરા ૧૪.૨
સુરત ૧૮.૨
નલિયા ૧૨.૦

ચાંદી : ૪૦,૭૦૦ સોનું : ૩૦,૪૦૦

# રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71 Facebook.com/rakhewal

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેકસ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

# ગુજરાતમાં ૨૨ વર્ષથી ભાજપની આપખુદશાહી : રાહુલ

### ખેડૂતોના દેવાને માફ કરવા માટેની તેમની નીતિમાં નથી પણ કોંગ્રેસની નીતિ છે : ગુજરાતમાં આ વખતે કોંગીની સરકાર હશે

અમદાવાદ

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઇ ગુજરાતની મુલાકાતે આવેલા કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ આજે અમરેલીના લાઠી, બોટાદ, ગઢડા, બરવાળા, વલ્લભીપુર અને ભાવનગર સહિતના સ્થળોએ પ્રચાર કરી કોંગ્રેસ તરફી વિશાળ લોક-જુવાળ ઉભો કર્યો હતો. રાહુલ ગાંધીએ આજે ફરી એકવાર નોટબંધી અને જીએસટીને લઇ મોદી સરકાર અને ભાજપ પર પ્રહારો કર્યા હતા ને જણાવ્યું હતું કે, ગુજરાતમાં આજે દરેક સમાજો આંદોલનો કરી રહ્યા છે, જે ભાજપ પરત્વેની નારાજગી દર્શાવે છે. ભાજપે તેના ૨૨ વર્ષોના શાસનમાં લોકોનું શોષણ જ કર્યું છે પરંતુ જનતા તેનો જવાબ હવે વિધાનસભા ચૂંટણીમાં આપશે અને કોંગ્રેસની સરકાર બનાવશે. તેમણે ખેડૂતોને ખાતરી આપી હતી કે, કોંગ્રેસની સરકાર આવશે તો, અમે દસ દિવસમાં જ રાજયના ખેડૂતોનું દેવુ માફ કરીશું, ૧૧મો દિવસ નહી થવા દઈએ. મોદીના નાણાપ્રધાન કહે છે કે, ખેડૂતોના દેવા માફ કરવાની તેમની નીતિ નથી પરંતુ ખેડૂતોના દેવા માફ કરવાની નીતિ કોંગ્રેસની છે. લાઠીમાં વિશાળ જનસભાને સંબોધન દરમ્યાન ફરી એકવાર રાહુલ ગાંધીએ મોદી સરકાર અને ભાજપ પર ચાબખા વરસાવતાં જણાવ્યું હતું કે, છેલ્લા ૨૨ વર્ષોથી ભાજપે આપખુદશાહી ચલાવી છે.

## બનાસકાંઠામાં એક વર્ષમાં ૧૧૦૦ કરોડના વિકાસ કામો : હરીભાઈ ચૌધરી



કેન્દ્રીય મંત્રી અને સાંસદ હરીભાઈ ચૌધરીની 'રખેવાળ' સાથે મુલાકાત

ડીસા

બનાસકાંઠા જિલ્લાના વેપારી મથક ડીસાની મુલાકાતે આવેલા કેન્દ્રીય મંત્રી અને જિલ્લાના સાંસદ હરીભાઈ ચૌધરીએ 'રખેવાળ' સાથેની સૌજન્ય મુલાકાતમાં જિલ્લામાં આ વખતે એક જ વર્ષમાં ૧૧૦૦ કરોડના વિકાસ કામને કર્યા છે તેથી જીલ્લાની નવે નવ બેઠક ભાજપ જીતશે તેવો દાવો કરી ડીસાની ટ્રાફીક સમસ્યા, ખેડૂતોની નારાજગી સહીતના પ્રશ્નોના નિખાલસ પણે જવાબો આપ્યા હતા. તેમની સાથે ગુજરાત વેર હાઉસીંગ કોર્પોરેશનના ચેરમેન મગનલાલ માળી પણ જોડાયા હતા.

પ્રશ્ન-જિલ્લામાં ભાજપ વિધાનસભાની ચૂંટણી કયા મુદ્દે લડશે ?

જવાબ- વિકાસને વરેલી ભાજપ સરકારના સાશનમાં જિલ્લામાં મેડીકલ, એન્જિનયરીંગ, ડેરી અને સાયન્સ કોલેજ ૬૬ કે.વી. વીજ સબસ્ટેશન શાળાના ઓરડાઓ, ચાર રેલ્વે ઓવરબ્રીજ, તાલુકા પંચાયત, પ્રાંત કચેરી, ગેસ્ટ હાઉસ જેવી બાકી સરકારી ઈમારતોનું અદ્યતન બાંધકામ સહીતના મૂળભુત વિકાસ કામો એક જ વર્ષમાં રૂ.૧૧૦૦ કરોડના માતબર ખર્ચે થયા છે. જેમાં જિલ્લામાં ખાસ કરીને પાસપોર્ટ કચેરીનો શુભારંભ થતાં મુસ્લિમો પણ ખુશ થયા છે. જિલ્લાની શિક્ષિત અને સમજુ પ્રજા વિકાસ ઝંખે છે. તેવી વિદ્યાનસભાની ચૂંટણી વિકાસના મુદ્દે જ લડાશે અને જિલ્લાની નવે નવ બેઠક ઉપર ભાજપના ઉમેદવારો જીતશે.

પ્રશ્ન-જિલ્લાના વેપારી મથક ડીસાની ટ્રાફિક સમસ્યા નિવારવા કોઈ નક્કર ઉપાય?

જવાબ-ડીસાની ટ્રાફિક સમસ્યાના નિરાકરણ માટે મેં ત્રણ વિકલ્પ સૂચવ્યા છે. જેમાં ઓવરબ્રિજ સાથે ચિત્રાસણીથી આખોલ સુધીના સ્ટેટ હાઈવેનું નેશનલ હાઈવેમાં રૂપાંતરણ અને રસાણાથી કુપટ બાયપાસ રોડ બનાવી શકાય પરંતુ ઓવરબ્રિજ અને બાયપાસ રોડના કામમાં વર્ષો નીકળી જાય તેમ છે.

અનુસંધાન પાના નં.૬

## બનાસકાંઠાની ૯ બેઠક માટે ૭૦ ઉમેદવારો વચ્ચે જંગ

### સૌથી વધુ પાલનપુરમાં ૧૪ અને સૌથી ઓછા દિઓદરમાં ૪ ઉમેદવારો

ડીસા

બનાસકાંઠા જિલ્લાની વિધાનસભાની ૯ બેઠક માટે કુલ ૧૪૫ ઉમેદવારો દ્વારા ૧૯૦ ફોર્મ ભરાયા હતા. જેમાંથી ચકાસણી દરમ્યાન ૮૨ ડમી અને અધૂરી વિગતોવાળા ફોર્મ ૨૬ થયા હતા. જેથી ૧૦૮ ઉમેદવારો મેદાનમાં રહ્યા હતા. જેમાંથી ગઈકાલે ગુરૂવારે ફોર્મ પરત ખેંચવાના છેલ્લા દિવસે ૩૮ ઉમેદવારી ફોર્મ પરત ખેંચાયા હતા. તેથી હવે ૯ બેઠક માટે ૭૦ ઉમેદવારો વચ્ચે ચૂંટણી જંગ નિર્ધારીત થયો છે. જેમાં પણ થરાદ અને વડગામમાં ત્રિપાંખીયો જંગ નિર્ધારીત થયો છે. જયારે અન્ય બેઠકો ઉપર પરંપરાગત હરીફ ભાજપ અને કોંગ્રેસ વચ્ચે ટક્કર જામી છે. જયારે સૌથી વધુ ૧૪ ફોર્મ પાલનપુર અને સૌથી ઓછા - ૪ ફોર્મ દિઓદર બેઠકમાં ભરાયા છે. એ સિવાય દાંતા બેઠકમાં એકપણ ઉમેદવારી ફોર્મ પરત ખેંચાયું નથી. હવે ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થતા આજથી ૧૩ દિવસ સુધી ઉમેદવારો અને સમર્થકો દ્વારા પ્રચાર અભિયાન ચલાવાશે ત્યારબાદ ૧૪ મી ડીસેમ્બરે મતદાન થશે

| વિધાનસભા બેઠકનું નામ | માન્ય ઉમેદવારો | પરત ખેંચેલ ઉમેદવારીપત્રો | આખરી ઉમેદવારો |
|---|---|---|---|
| ૭-વાવ | ૯ | ૨ | ૭ |
| ૮-થરાદ | ૧૮ | ૧૧ | ૭ |
| ૯-ધાનેરા | ૧૧ | ૬ | ૫ |
| ૧૦-દાંતા | ૯ | ૦ | ૯ |
| ૧૧-વડગામ | ૧૨ | ૨ | ૧૦ |
| ૧૨-પાલનપુર | ૧૯ | ૫ | ૧૪ |
| ૧૩-ડીસા | ૧૪ | ૫ | ૯ |
| ૧૪-દિયોદર | ૮ | ૪ | ૪ |
| ૧૫-કાંકરેજ | ૮ | ૩ | ૫ |
| કુલ | ૧૦૮ | ૩૮ | ૭૦ |

## કોંગ્રેસના બળવાખોર ઉમેદવારે ફોર્મ પરત ન ખેંચતા દલિત નેતા જીજ્ઞેશ મેવાણી માટે કપરાં ચઢાણ

### વડગામ બેઠક ઉપર દશ ઉમેદવારો ચુંટણી મેદાનમાં

પ્રતિનિધિ છાપી

વિધાનસભાની ચુંટણીમાં ફોર્મ પરત ખેંચવાના છેલ્લાં દિવસે વડગામ બેઠક ઉપર ફક્ત બે ઉમેદવારોએ ફોર્મ પરત ખેંચતાં હવે કુલ દશ ઉમેદવારો વચ્ચે ખરાખરાનો જંગ ખેલાશે જેમાં ભાજપના વિજય ચક્રવર્તી સામે કોગ્રેસના બળવાખોર અશ્વિનભાઈ પરમાર તેમ જ યુવા દલિત નેતા જીજ્ઞેશ મેવાણી વચ્ચે ખરાખરી નો જંગ ખેલાશે.

વડગામ બેઠક હમેશાં કોંગ્રેસ માટે ગઢ સમાન ગણાય છે. દરમ્યાન કોંગ્રેસ દ્વારા વડગામ બેઠક ઉપર 'ઉનાકાંડ' થી બહુ ચર્ચીત બનેલા જીજ્ઞેશ મેવાણી ના સમર્થનમાં કોંગ્રેસે પોતાનો સત્તાવાર ઉમેદવાર ન ઉતારતાં વડગામ કોંગ્રેસ કાર્યકરોમાં ભારે રોષ સાથે કાર્યકરો દ્વારા ઠેર ઠેર જીજ્ઞેશ મેવાણીનો વિરોધ કરાઈ રહ્યો છે. અને કોંગ્રેસના બળવાખોર અપક્ષ ઉમેદવારને વિવિધ સમાજ દ્વારા ટેકો અપાઈ રહ્યો છે. જેથી વડગામ બેઠક ઉપર કોંગ્રેસે ગોઠવેલા સોગઠા ઉંધા પડતા દેખાઈ રહ્યા છે. વડગામ બેઠક ઉપર આગામી દિવસોમાં પૂર જોશમાં રાજકીય તેમજ અપક્ષ ઉમેદવારો દ્વારા પ્રચાર કરવામા આવશે. વડગામ બેઠક ઉપર ત્રિપાંખીયો જંગ ખેલાશે જેમાં મુખ્ય મુકાબલો અશ્વિન પરમાર અને ભાજપ વચ્ચે હોવાનું ચર્ચાઈ રહ્યું છે. જેથી વડગામ અનામત સીટ ઉપર દલિત નેતા જીજ્ઞેશ મેવાણી માટે કપરો ચઢાણ સમી બની રહેશે તેવી લોક ચર્ચા ચાલી રહી છે.

**ફોર્મ પરત ખેંચવાના છેલ્લા દિવસે બે ફોર્મ પરત ખેંચાયા : મુખ્ય મુકાબલો ભાજપ વિરૂધ્ધ બે અપક્ષ વચ્ચે રહેશે**

**ઉમેદવારોની યાદી**

અશ્વિનભાઈ ડી.પરમાર ,
વિજયકુમાર એચ. ચક્રવર્તી,
જીગ્નેશકુમાર એન.મેવાણી,
પુષ્પાબેન આર.જાદવ,
તરૂણચંદ્ર આર.સોલંકી,
નિલેશકુમાર પી.વણસોલા,
અરવિંદકુમાર ભાટીયા,
ગણેશભાઈ ચૌહાણ,
નરેન્દ્રકુમાર મકવાણા,
શેખલીયા વિક્રમભાઈ ડી.

## ડીસા બેઠકના ધારાસભ્ય ગોવાભાઇ રબારીને જન સમર્થન

ડીસા

ડીસા વિધાનસભા બેઠકના કોંગ્રેસ પક્ષના ઉમેદવાર અને વર્તમાન ધારાસભ્ય ગોવાભાઇ રબારીના ચૂંટણી પ્રવાસ દરમ્યાન તેમને ગામે-ગામથી જન સમર્થન સાંપડી રહ્યુ છે. ડીસા વિધાનસભાના કોંગ્રેસના ઉમેદવાર ગોવાભાઇ રબારીએ તેમના સમર્થકો સાથે ડીસા મતવિસ્તારના ભાચરવા, ટેટોડા, પમરૂ, યાવરપુરા, કોચાસણા અને દામા ગામમા ચૂંટણી પ્રવાસ કર્યો હતો. જ્યા



દરેક ગામમા તેઓએ ગ્રામજનો સાથે બેઠક યોજી હતી જ્યા લોકો તરફથી તેમને સ્વંયમભૂ આવકાર સાથે સમર્થન મળ્યું હતું.






સૂર્યોદય - ૭.૦૫ સૂર્યાસ્ત - ૫.૫૨

## તિથિદર્શન

માગસર સુદ-૧૨ શુક્રવાર ૨૦૭૪




વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ માગસર સુદ :બારસ શુક્રવાર નક્ષત્રઃ અશ્વિની બપોરે ૨.૨૮ પછી ભરણી યોગ : વરીયાન કરણઃ કૌલવ આજે જન્મેલા બાળકની રાશી મેષ (અ.લ.ઈ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોકત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

### યસ્મિ ન દેશે યદાકાલે યન્મુહૂર્તે ચ યદ્ દિને હાનિઃ લાભઃ યશો મૃત્યુઃ તાન તથૈવ ન ચાન્યથા

'જે સ્થળે, જે કાળે, જે મુહૂર્તમાં અને જે દિવસે હાનિ- લાભ- યશ -કીર્તિ અને મૃત્યુ જે નિશ્ચિત જ હોય છે, ત્યારે જ તેને આવીને જ મળે છે, અન્યથા નહીં.' ઈશ્વરીય વ્યવસ્થા- ગોઠવણ બધી જ કોમ્પ્યુટરાઈઝ્ડ છે. નિશ્ચિત સમયે- સ્થળે જે -તે ઘટના , જેવી રીતે બનવાની હોય તે બને જ છે.

વિધિ- વિધવા- કર્મદેવ કે ભાગ્ય દેવતા જે કહો તે- પણ માણસ જન્મના તમામ લેખ લખાવીને જ આવે છે. કર્માનુસાર સુખ અને દુઃખ, આરામ અને પીડા, જે તે સ્થળે- કાળે ભોગવવાનાં હોય તે ભોગવવાં જ પડે છે. બાલકાંડમાં પોતાની મા મેનાવતીને જગદંબા પાર્વતીજી પણ કર્મને પ્રધાનપદ આપીને કહે છે, માતાજી તમે મારા પતિના સ્વરૂપ- સ્વભાવ જોઈને દુઃખી ન થશો, મારા નસીબમાં જે પતિ હશે, અથવા જ્યાં પણ હું પરણીને જઈશ તે મારા ભાગ્યમાં જે સુખ- દુઃખ લખ્યું હશે તે મારે ગમે ત્યાં ભોગવવું જ પડશે. માતાપિતા, સુખી - ધનિક ઘર જોઈ દીકરીને પરણાવે પણ પતિની આદતો- સ્વભાવ પ્રમાણે જ વર્તન કરતો હોય તો સ્ત્રીના ભાગ્યમાં જો દુઃખ જ લખાયું હોય તો ધનિક ઘરમાં પણ દુઃખી જ રહે છે.

## આપની આજ

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.) ધીરજના ફળ મીઠા મળે. મનની મૂંઝવણ દૂર થાય.**
**વૃષભ : (બ.વ.ઉ.) પ્રતિકૂળતા દૂર થાય. મનની મુરાદ બર આવે.**
**મિથુન : (ક.છ.ઘ.) આરોગ્ય બાબતે સંભાળવું. કૌટુંબિક કાર્યમાં સફળતા મળે.**
**કર્ક : (ડ.હ.) વ્યર્થ ખર્ચના ભોગ બનવું પડે. સ્વમાન ભંગના યોગ છે.**
**સિંહ : (મ.ટ.) માનસિક ચિંતા દૂર થાય. પ્રવાસની મજા માણી શકો.**
**કન્યા : (પ.ઠ.ણ.) જીવનસાથી સાથે વિશેષ સ્નેહ રહે. આવક કરતા જાવક રહે.**
**તુલા : (ર.ત.) મહેનતનું શુભ ફળ મળે. માનસિક આનંદમાં વધારો થાય.**
**વૃશ્ચિક : (ન.ય.) અગત્યના કાર્યમાં સફળતા મળે. લાભની આશા ફળે.**
**ધન : (ભ.ફ.ધ.) મકાન-વાહન વગેરેથી લાભ થાય. પડવા-વાગવાથી સંભાળવું.**
**મકર : (ખ.જ.)લાભની તક સાંપડે. વાણી સંયમ જાળવવો હિતાવહ.**
**કુંભ : (ગ.શ.સ.) ચિંતાનો ઉકેલ મળે. અગત્યના કાર્યમાં પ્રગતિ થાય.**
**મીન : (દ.ચ.જ.થ.) આનંદ-પ્રમોદમાં દિવસ વિતે. મનની મનોકામના પૂર્ણ થાય.**

## આજનો દિન મહાન

- યશવંત કડીકર

'જીસસ સેવક સમાજ' ના સાત સભ્યોમાના એક કરૂણાર્થ ખ્રિસ્તી સંત ફ્રાન્સિસ ઝેવિયરની પુણ્યતિથિ છે.

એમનો જન્મ ઉત્તર સ્પેનના નાવારે પ્રાંતમાં 'ઝેવિયર' નામના કિલ્લામાં તા.૭-૪-૧૫૦૬ના રોજ થયો હતો. તેમણે હિંદ અને જાપાનમાં ખ્રિસ્તી ધર્મને દઢમૂળ કરવા જે ફાળો આપ્યો છે તે વિશ્વભરના ખ્રિસ્તી સમાજ માટે પ્રેરક અને અનુકરણીય છે.

તા.૨-૧૨-૧૫૫૨ના રોજ એમનું અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
**અમદાવાદ ઓફીસ :-** ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
**પાલનપુર ઓફીસ:-** ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

# ધાનેરામાં પાંચ ઉમેદવારો વચ્ચે મુકાબલો

તા.પ્રતિ. ધાનેરા

ધાનેરા વિધાનસભા બેઠકમાં ૧૦ ઉમેદવારો મેદાનમાં હતા જેમાંથી બે ઉમેદવારોએ ફોર્મ પરત ખેંચવાના પ્રથમ દિવસે અને ગઈકાલે ફોર્મ ખેંચવાના છેલ્લા દિવસે વધુ ત્રણ ઉમેદવારો ઠાકોર અજીતભાઈ શાંતિજી, પાંસલ કાળાભાઈ પુનમાભાઈ અને સુથાર ગંગારામ પુનમાભાઈએ પણ પોતાનું ઉમેદવારી ફોર્મ પરત ખેંચી લીધું હતું તેથી ચુંટણી ચિત્ર સ્પષ્ટ થતા હવે પાંચ ઉમેદવારો વચ્ચે ચૂંટણીનો જંગ જામશે. પરંતુ મુખ્ય મુકાબલો પરંપરાગત હરીફ ભાજપ અને કોંગ્રેસ વચ્ચે થશે.

## પાંચ ઉમેદવારો

દેસાઈ માવજીભાઈ મગનભાઈ - ભાજપ
પટેલ નથાભાઈ હેગોળાભાઈ - કોંગ્રેસ
ડાભી રૂપાભાઈ ચેનાભાઈ - બસપા
રબારી તેજાભાઈ નેથીભાઈ - ઓલ ઈન્ડિયા હિન્દુસ્તાન કોંગ્રેસ પાર્ટી
રાજપૂત નારસિંગજી બાબુજી - અપક્ષ

# વાવ વિધાનસભામાં સાત ઉમેદવારો વચ્ચે જંગ

**ફોર્મ ખેંચવાના અંતિમ દિવસે ૨ ઉમેદવારોએ ઉમેદવારી પાછી ખેંચી**

તા.પ્રતિ. વાવ

વાવ વિધાનસભા બેઠક ઉપર ચૂંટણી ફોર્મ ખેંચવાના અંતિમ દિવસે તા.૩૦/૧૧/૨૦૧૭ ના રોજ કુલ ૯ ઉમેદવારોમાંથી ૨ ઉમેદવારોએ પોતાનું ઉમેદવારી પત્રક પાછું ખેચ્યું છે. જેમાં ઘાંચી બેનરજી બાનુ લાલાભાઈ (અપક્ષ ઉમેદવાર) અને આચાર્ય (બ્રાહ્મણ) દાંનસંગભાઈ ખેતસીભાઈ અપક્ષ (ઉમેદવાર) જેથી ચુંટણી ચિત્ર સ્પષ્ટ થઈ જતાં વાવ વિધાનસભા બેઠક ઉપર ૭ ઉમેદવારો મેદાનમાં રહ્યા છે. જેઓએ પોતાનો ચુંટણી પ્રચાર જોરશોરથી શરૂ કરી દીધો છે.

## સાત ઉમેદવારો

ચૌધરી શંકરભાઈ લગધીરભાઈ -ભાજપ
ઠાકોર ગેનીબેન નગાજી - કોંગ્રેસ
ગોહીલ રાણાજી નાગજી - શિવસેના
કલાલ નાગજીભાઈ શંકરભાઈ - રીપબ્લીકનપાર્ટી ઓફ ઈન્ડિયા
ઠાકોર ભાવસંગજી રામચંદજી -અપક્ષ
બ્રહ્મક્ષત્રિય ભગવતીબેન ખેતસીભાઈ- અપક્ષ
પરમાર વજરામભાઈ નવાભાઈ - બ.સ.પા

# કાંકરેજ બેઠકમાં પાંચ ઉમેદવારો વચ્ચે ટક્કર

પ્રતિ. શિહોરી

કાંકરેજ વિધાનસભા બેઠકમાં આઠ ઉમેદવારો ચુંટણીના મેદાનમાં હતા. જેમાંથી ત્રણ ઉમેદવારો દેસાઈ પ્રકાશભાઈ મલાભાઈ, કોતરવાડીયા મેરૂજી અમથાજી અને પરમાર ભેમજીભાઈ વશરામભાઈએ ગઈકાલે પોતાનું ઉમેદવારી ફોર્મ પરત ખેંચી લીધું હતું તેથી હવે પાંચ ઉમેદવારો વચ્ચે ચૂંટણી જંગ જામશે.

## પાંચ ઉમેદવારો

કિર્તિસિંહ પ્રભાતસિંહ વાઘેલા - ભાજપ
જાલેરા દિનેશજી ધારસીજી - કોંગ્રેસ
દેસાઈ ઈશ્વરભાઈ મહાદેવભાઈ - ઓલ ઈન્ડિયા હિન્દુસ્તાન કોંગ્રેસ પાર્ટી
ઠાકોર લેબુજી ભૂદરજી - અપક્ષ
મકવાણા વાઘાભાઈ મગનભાઈ - અપક્ષ

## પાલનપુરમાં ૧૯ ઉમેદવારો મેદાનમાં

| ઉમેદવારનું નામ | પક્ષ |
|---|---|
| પટેલ મહેશકુમાર અમૃતલાલ | ભાજપ |
| પરમાર અમરતભાઈ ધરમાભાઈ | બસપા |
| પ્રજાપતિ લાલજીભાઈ કાનજીભાઈ | ભાજપ |
| જોશી શિવરામભાઈ મગનભાઈ | એન.સી.પી. |
| નાભાણી રમેશકુમાર ખેમરાજભાઈ | આમ આદમી પાર્ટી |
| પ્રજાપતિ અમરાભાઈ પુંજાભાઈ | યુવા સરકાર પાર્ટી |
| મેજીયાતર ગોવિંદભાઈ ઉમાભાઈ | રાષ્ટ્રીય સમાજવાદી પાર્ટી (સેક્યુલર) |
| ચૌહાણ અમરતભાઈ કાળુભાઈ | અપક્ષ |
| ઠાકર નટવરલાલ હિરાભાઈ | અપક્ષ |
| દવે નીલેશકુમાર કનૈયાલાલ | અપક્ષ |
| પટણી મહેશકુમાર નારણભાઈ | અપક્ષ |
| પટણી શાન્તાબેન નારણભાઈ | અપક્ષ |
| પરમાર છગનચંદરાજ ધનાભાઈ | અપક્ષ |
| પરમાર સુરેશભાઈ રામજીભાઈ | અપક્ષ |
| પ્રજાપતિ પરેશભાઈ મગનભાઈ | અપક્ષ |
| પ્રજાપતિ રાજેશકુમાર પ્રેમજીભાઈ | અપક્ષ |
| વડનાથાણી જયંતિભાઈ ઉમેદભાઈ | અપક્ષ |
| શર્મા હરેશકુમાર ઉમાશંકર | અપક્ષ |
| શ્રીમાળી અશોકભાઈ બાલચંદભાઈ | અપક્ષ |

# અંબાજી ખાતે મોઢ વણિક મોદી સમાજ દ્વારા પખવાળા ભવનનું ઉદ્‌ઘાટન થશે

ડીસા

યાત્રાધામ અંબાજી મોદી ભવન ખાતે મોઢ વણિક મોદી જ્ઞાતિ મિલ્કત ટ્રસ્ટ દ્વારા નવા આકાર પામેલા પખવાળા ભવન તેમજ ડાઈનીગ હોલના ઉદ્‌ઘાટન તથા દાતાઓના સન્માનનો કાર્યક્રમ તા.૨/૧૨/૨૦૧૭ ને શનિવારના રોજ યોજાશે આ પ્રસંગે સમારંભના પ્રમુખ તરીકે મોદી પ્રહલાદભાઈ ભોગીલાલ (વડનગરવાળા હાલ મુંબઈ) મુખ્ય મહેમાનમાં પુષ્પાબેન દલીપભાઈ મોદી (તમાકુવળા, સિધ્ધપુર), મુખ્ય ભવનના ઉદ્‌ઘાટક તરીકે મોદી કૈલાશબેન પ્રહલાદભાઈ (વડનગરવાળા, હાલ મુંબઈ), ડાઈનીગ હોલના ઉદ્‌ઘાટક તરીકે મોદી કરિશ્માબેન હિરલકુમાર (તમાકુવાળા, સિધ્ધપુર) અને અતિથિ વિશેષમાં મોદી નીમુબેન ભોગીલાલ (પાલનપુર હાલ સુરત) તથા ડો.નવિનચંદ્ર દશરથલાલ મોદી (ઉપેરાવાળા હાલ -સિધ્ધપુર) સહિત સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહેશે.

# હારીજ ખાતે ૧૭ ચાણસ્મા વિધાનસભા વિસ્તારના મધ્યસ્થ કાર્યાલયનું ઉદ્‌ઘાટન


રાજુ ઠક્કર

જિલ્લા પ્રતિનિધિ પાટણ

હારીજ ખાતે ૧૭ ચાણસ્મા વિધાનસભા વિસ્તારના મધ્યસ્થ કાર્યાલયના ઉદ્‌ઘાટન પ્રસંગે આશીર્વચનમાં પ.પૂ.બ્રહ્મચારી જયદેવ મહારાજ, અગ્નિ અખાડાના પ્રતિનિધિ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે જિલ્લા કોંગ્રેસ પ્રમુખ કાનજીભાઈ દેસાઈ, નિરીક્ષક રામલાલ જાટ, માનસિંહભાઈ ઠાકોર તેમજ પાટણ જિલ્લા નિરીક્ષક સુખવીરસિંહ ચૌહાણ ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમ પ્રસંગે પીઢ કોંગ્રેસી કાર્યકર અને માજી ધારાસભ્ય માલજીભાઈ દેસાઈએ ૧૪ મી ડીસે. કોંગ્રેસના નિશાન પર મત આપવા અપીલ કરી હતી. આ કાર્યક્રમમાં વિવિધ સમાજના અગ્રણીઓ હારીજ તાલુકા પંચાયત પ્રમુખ મણાજી ઠાકોર, પાટીદાર સમાજના અગ્રણી જેસંગભાઈ પટેલ, મુસ્લિમ સમાજના વડીલ ખુદાબક્ષ કાજી, જિલ્લા કોંગ્રેસ મંત્રી પોપટજી ઠાકોર, ગુણાભાઈ નાડોદા, ફકીરભાઈ વણકર, પ્રાગજીભાઈ વાઘેલા, સવિતાબેન શ્રીમાળી, અંજનાબેન પટેલ વિગેરેએ પ્રવચન કરી કોંગ્રેસને જીતાડવા ભારે અપીલ કરી હતી.

આ પ્રસંગે રઘુભાઈ દેસાઈએ પ્રજાના પ્રેમથી ભીંજાઈને આ વિસ્તારના નેતા નહીં પરંતુ અદના કાર્યકર બની આ વિસ્તારને નંદનવન બનાવી સમાજના સર્વે વર્ગો, જાતિઓને સાથે રાખી છેવાડાના માનવીની હરહંમેશ સેવા કરવા તત્પર રહીશ તેવો વિશ્વાસ વ્યકત કર્યો હતો.

અંતે આભાર વિધિ કુંપાજી ઝાલાએ કરી હતી અને સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન બલભદ્રજી જાડેજાએ કરી હતી.

# ચાણસ્મા અને બહુચરાજીમાં ત્રિપાંખીયો જંગ ખેલાશે

ચાણસ્મા

ફોર્મ પર ખેચવાની અંતિમ અવધિ પુરી થતાં ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થઈ ગયું છે. સૌની નજર જે બેઠકો પર મંડાઈ છે તે બહુચરાજી બેઠક ઉપર કોંગ્રેસના બળવાખોર કીરીટ પટેલે ફોર્મ પાછું નહીં ખેચતાં હવે અહીં ત્રિ-પંખિયો જંગ નિશ્ચિત બન્યો છે. તો ચાણસમા બેઠક ઉપરથી કોંગ્રેસ અસંતુષ્ટ દિનેશ ઠાકોરે પણ ઉમેદવારી ચાલુ રાખતાં અહીં પણ ભાજપ-કોંગ્રેસ અને અપક્ષ વચ્ચે જંગ જામશે તે હવે નક્કી થઈ ગયું છે. પરંતુ ભૂતકાળના પરિણામો જોતાં આ બેઠકો પર અપક્ષો કંઈ ઉકાળી શકયા નથી તે એટલી જ સ્પષ્ટ હકીકત છે. જે આ વખતે પણ બની શકે છે તેમ રાજકીય પંડિતોનું માનવું છે.

બહુચરાજી વિધાનસભા બેઠક પરથી કુલ ૧૪ ફોર્મ ભરાયા હતા. જેમાંથી બે દિવસમાં ૫ ફોર્મ પરત ખેંચાતા હવે ૧૪ ઉમેદવારો મેદાનમાં રહ્યા છે. જેમાં મુખ્યત્વે ભાજપના રજની પટેલ, કોંગ્રેસના ભરત ઠાકોર અને બળવાખોર કિરીટ પટેલ (દેવગઢ) વચ્ચે જંગ જામશે તેમ જણાય છે. જો કે પાટીદારો આ વખતે તેમની સાથે રહેશે કે કેમ તે જુદી વાત છે. ઉલ્લેખનીય છે કે, કિરીટ પટેલને ૨૦૧૨ની વિધાનસભા ચૂંટણીમાં ભાજપે ટીકીટ નહીં આપતાં નારાજ થઈ અપક્ષ ઉમેદવારી નોંધાવી હતી. જેમાં માંડ ૧૪ હજાર જેટલા વોટ મળ્યા હતા. તેમના કારણે કોંગ્રેસની જીતની બાજી ઉંધી વળી ગઈ હતી. સત્તા માટે પાછળથી કિરીટ પટેલ કોંગ્રેસનો હાથ ઝાલી પાટીદારોના હામી હોવાનો ડોળ રચી ટીકીટ માંગી, પરંતુ કોંગ્રેસે પેરાશૂટ ઉમેદવારોને ટીકીટ હોવાનો ડોળ રચી ટીકીટ માંગી, પરંતુ કોંગ્રેસ પેરાશૂટ ઉમેદવારોને ટીકીટ નહીં આપવાના અભિગમ મુજબ તેમને ટીકીટ નહીં આપતાં કોંગ્રેસમાંથી પણ બળવો કરી અપક્ષ ઉમેદવારી નોંધાવી છે. જાણવા મુજબ તેમને ઉભા રાખવામાં મત વિસ્તારના જ કોંગી દાવેદારો અને આગેવાનો જ પડદા પાછળ છે. પરંતુ શિસ્તભંગના પગલાની બીકે તેઓ ખુલીને બહાર આવતા નથી. જ્યારે કિરીટ પટેલ તેમના સહારે ચૂંટણીની વૈતરણી પાર ઉતરવાનો મનસુબો રાખી રહ્યા છે. જો કે હાલના સમીકરણો અને પાટીદારોનો મિજાજ જોતાં તેઓને આ વખતે કડવા ઘૂંટ પિવાનો વારો આવી શકે છે. આવી જ ક્રિટીકલ ગણી શકાય

**અનુસંધાન પાના નં.૬**

# આખરે ધાનેરા તાલુકાની ખીમત પ્રાથમિક શાળા ના નવા ઓરડા નું બાંધકામ શરૂ થયું

તા.પ્રતિનિધિ ધાનેરા

ધાનેરા તાલુકાની ખીમત પ્રાથમિક શાળાનું નવું મકાનની ફાઈલ કેટલીક અટકળોના લીધે છેલ્લા ત્રણ વર્ષથી સરકારી તિજોરીમાં ફાઈલ ધૂળ ખાતી હતી .જેથી કરીને સમય પ્રમાણે આ શાળાના નવા ઓરડા માટેનું બાધકામ શરૂ કરાયું ન હતું .શાળાના આચાર્ય તેમજ ગ્રામજનો છેલ્લા ત્રણ વર્ષથી સરકારી કચેરીના ધર્મના ધક્કા ખાઈ રહ્યા હતા.છતાં આ સરકારી બાબુની ઊંઘ ઊડતી ન હતી .જેના કારણે બાળકો બિસ્માર અને જર્જરિત મકાનમાં અભ્યાસ માટે મજબૂર બન્યા હતા .જો કે આ શાળાના બાંધકામને લઈને આખરે ધાનેરા તાલુકાના ખીમત ગામના યુવાનો આગળ આવ્યા હતા.અને મીડીયાની હાજરીમાં એલાન કર્યું હતું કે.જ્યાં સુધી શાળાનું બાંધકામ શરૂ નઈ થાય ત્યાં સુધી શાળાને તાળા મારવામાં આવશે સાથે વિધાન સભા ની ચૂંટણી નો પણ બહિષ્કાર કરવાની ચીમકી ઉચ્ચારી હતી.

ખીમત ગામના યુવાનોની શિક્ષણ માટેની માંગને વધુ વેગ આપવા માંગણીને અખબાર તેમજ ટીવી ચેનલના માધ્યમથી સરકાર તેમજ સરકારી અધિકારી સમક્ષ વિગત વાર અહેવાલ રજૂ કર્યો હતો .અને આખરે જિલ્લાના જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી ડો.દિપક દરજીએ આ સમગ્ર મામલે તપાસ કરી આ શાળાનું કામ શરૂ કરાવ્યું હતું.

આજે ખીમત પ્રાથમીક શાળાના બાંધકામ માટે શ્રમિકોની મોટી ફોજ જોવા મળી હતી.સાથે બાંધકામ માટે પાયા પણ ખોદાઈ ગયા છે.સાથે લોખંડની ગુણવત્તા ને લઈને કોન્ટ્રકર દ્વારા બહાના બાજી કરાઈ હતી.જ્યારે જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીએ આ તમામ બાબતે તપાસ કરી આ શાળાનું કામ ફરી બંધ ના થાય તે માટે કોન્ટ્રાકટરને ખાસ સૂચન કરવામાં આવ્યું છે.

જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી ડો દિપક દરજી એ જણાવ્યું હતું .કે અગાઉ લોખંડ ની ગુણવત્તા સારી ના હોવાથી લોખંડ પરત મોકલ્યું હતું.સાથે દિવાળી પર મજૂર વર્ગ પણ વતને જતા હોય આ કામ બંધ થયું હતું.તેઓએ ખાતરી આપી હતી કે ઝડપી બાળકો નવા ઓરડા બેસી અભ્યાસ કરશે.

# રોટરી કલબ ડીસા દ્વારા ધાબળાનું વિતરણ



ડીસા

શિયાળાની કડકડતી ઠંડીમાં રસ્તા ઉપર ઓઢયા વગર સુતેલા ભિક્ષુકો અને શ્રમજીવી વ્યક્તિઓને ધાબળા ઓઢાડીને તેમની ઠંડી દૂર કરવાનો પ્રયત્ન ગઈકાલે રાત્રે રોટરી કલબના પ્રમુખ રોટે. રમેશભાઈ દરજી તથા રોટ્રેકટનાં પ્રમુખ નિતિનભાઈ ઠકકર અને એમની ટીમ દ્વારા કરવામાં આવ્યો હતો.

બસસ્ટેન્ડની બાજુમાં આવેલી ઝુંપડીપટ્ટી તથા હવાઈ પિલ્લરની બાજુમાં આવેલ સ્લમ વિસ્તારના રહીશોને ધાબળાનું વિતરણ કરીને રોટરી કલબ ડીસા દ્વારા સમાજ સેવાનું ઉદાહરણ પુરૂ પાડવામાં આવેલ.

# પાટણમાં સૃષ્ટિ એવન્યુના બંધ મકાનમાંથી ૧૦ તોલા સોનું - રોકડ કેસની ચોરી

(જી.પ્રતિનિધિ) પાટણ

પાટણ ખાતે ખાલકશા પીર વિસ્તારમાં રેલ્વે ફાટક પાસે આવેલા "સૃષ્ટિ એવન્યુ" મકાન નં. ૩ માં રહેતા હરગોવનભાઈ પ્રજાપતિ પાટણની પી.ટી.એન. ન્યુઝ ચેનલમાં કાર્યરત છે. તેઓ એક મરણ પ્રસંગે બે દિવસ રાધનપુર ગયેલ હતા. ઘર બંધ હતું ત્યારે તા.૨૭/૧૧/૨૦૧૭ થી તા.૩૦/૧૧/૨૦૧૭ ની સવાર સુધીમાં તસ્કરો ૧૦ તોલા સોનું, રૂા.૫૦ હજાર કેશ, તિજોરીમાં પડેલ ચાંદીના ગ્લાસ, ઈમીટેશન પણ ચોરી ગયેલ. આમ કુલ રૂા.૩.૫૦ લાખની આશરે ચોરી થયાનું બહાર આવ્યું છે. આજ સૃષ્ટિ એવન્યુમાં બ્લોક નં. ૧૩ માં રહેતા રામપુરાના ચૌધરીભાઈને ત્યાં પણ ૧૩ હજારની રોકડ ચોરી થઈ હતી. આ વિસ્તારમાં રાત્રી પોલીસ પેટ્રોલીંગની તાતી જરૂર છે.

# રાધનપુર વિધાનસભા બેઠક ઉપર ત્રિપાંખિયો જંગ ખેલાવાના અણસાર





**ભાજપ,કોંગ્રેસ અને અપક્ષ ડો.વિષ્ણુ ઝૂલા વચ્ચે કશ્મકશ ભર્યો જંગ ખેલાઈ શકે છે : કુલ ૧૭ ઉમેદવારો મેદાને-જંગમાં રહ્યા,૧૧ ઉમેદવારીપત્રો પરત ખેંચાયા**

રાધનપુર

રાધનપુર વિધાનસભાની ચૂંટણી માટે ઉમેદવારીપત્રો પરત ખેંચવાની છેલ્લી તારીખે ૨૮ માંથી ૧૧ ઉમેદવારીપત્રો પરત ખેંચાઈ જતા હવે મેદાને-જંગમાં ૧૭ ઉમેદવારો રહ્યા છે,જેમાં ભાજપના લવિંગજી સોલંકી,કોંગ્રેસના અલ્પેશજી ઝાલા અને ભાજપમાંથી નારાઝ થઈને અપક્ષ તરીકે ઉમેદવારી નોંધાવનાર ડો.વિષ્ણુ ઝૂલા વચ્ચે કશ્મકશભર્યો ત્રિ-પાંખિયો જંગ ખેલાય તેવી શક્યતાઓ જણાઈ રહી છે,ઉમેદવારીપત્રો પાછા ખેંચવાના છેલ્લા દિવસે ભાજપ કરતા કોંગ્રેસ દ્વારા ફોર્મ પરત ખેંચાવવાની કવાયત વધુ કરવામાં આવી હોય તેવું જોવા મળ્યું હતું,કોંગ્રેસના ઉમેદવાર અલ્પેશજી ઝાલાએ પણ જણાવ્યું હતું કે કોંગ્રેસના સમર્થનમાં પાંચથી વધુ ઉમેદવારોએ ફોર્મ પરત ખેંચ્યા હતા.જો કે સાંતલપુર તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ વિલાસબા પ્રવિણસિંહ વાઘેલા તેમજ તેમના પતિ પ્રવિણસિંહ વાઘેલાએ અપક્ષ ઉમેદવાર ડો.વિષ્ણુ ઝુલાના સમર્થનમાં ઉમેદવારી પરત ખેંચી હતી,તેમણે બંને ફોર્મ પરત ખેંચી લીધા હતા.

## બે ઈ.વી.એમ.મશીન જોઈશે

રાધનપુર વિધાનસભા બેઠક માટે કુલ ૧૭ ઉમેદવારો ચૂંટણી જંગમાં રહ્યા હોઈ હવે ચૂંટણી પંચે રાધનપુર બેઠકના તમામ ૩૧૭ બુથ ઉપર બે બે ઈ.વી.એમ. મશીન રાખવા પડશે, કારણ કે એક ઈ.વી.એમ. મશીનમાં કુલ ૧૫ ઉમેદવારો અને એક નોટા મળી ૧૬ બટન હોય છે, હવે ૧૭ ઉમેદવારો અને એક નોટા મળીને કુલ ૧૮ બટન માટે બે બે ઈ.વી.એમ.મશીનની જરૂર પડશે, જેથી દસ ટકા વધારાના મળીને બીજા ૩૫૦ ઈ.વી.એમ.મશીનો લાવવા પડશે તેમ ચૂંટણી અધિકારી અને પ્રાંત અધિકારી એસ.ડી.ગિલવાએ જણાવ્યું હતું.

# માસિક પૂણ્યતિથિ શક્રસ્તવ અભિષેક


(અશોક શેઠ)

તાલુકા પ્રતિનિધિ દીઓદર

સરદારપુરા(ર.) નિવાસી સુશ્રાવિકા કાન્તાબેન બાલચંદભાઈ શેઠ પરિવાર દ્વારા દીઓદર મધ્યે સ્વ.જોસનાબેન અશોકભાઈ શેઠની પ્રથમ માસીક પુણ્યતીથી નિમિત્તે તેમના પરિવારજનો દ્વારા આદિનાથ જીનાલય પ્રગતિનગર દીઓદરમાં શ્રી આદિનાથ દાદા તથા વારાહીના શાંતિનાથ દાદાના શક્રસ્તવ અભિષેક યોજાયેલ.શાંતિનાથ દાદાનો સામૈયા સહ પ્રવેશ બાદ અભિષેક યોજાયેલ. અભિષેક ચીરાગભાઈ શાહ (સુરત) દ્વારા સુંદર રીતે કરાવવામાં આવેલ.

ત્યારબાદ બીજા દિવસે તેમના માદરે વતન સરદારપુરા(ર.) મધ્યે શેઠ કાન્તાબેન બાલચંદભાઈ મફતલાલ પરિવારજનો દ્વારા શાંતિનાથ દાદાના શક્રસ્તવ અભિષેક પંડીત વર્યશ્રી મીતેશભાઈ ફોફાણી દ્વારા કરાવવામાં આવેલ.સૌએ ભાવપૂર્ણ પરમાત્માની ભક્તિ કરેલ.

# લાખણી પંથકના ખેડૂતોને દાડમની ખેતીમાં મોટું નુકશાન

**વરસાદ ઉપરાંત કાળા ડાઘના રોગથી ગત વર્ષ કરતાં અડધું ઉત્પાદન થવાની શકયતા**



પ્રતિનિધિ જસરા

જિલ્લામાં આ વર્ષે ચોમાસામાં ભારે વરસાદના કારણે દાડમના 'રણ' ગણાતા લાખણી પંથકમાં દાડમના પાકને મોટુ નુકશાન થયું હતું. જેમાં દાડમના ફળ ઓછા બેઠા છે. તેમાંય તેલીયાનો રોગ દેખાતા. કાળા ડાઘ પછી દાડમ બગડી જવાથી ખેડુતોને લાખો રૂપિયાનું નુકશાન થઈ રહ્યું છે. તેથી ખેડુતોને પડતા પર પાટું'જેવી સ્થિતી સર્જાઈ છે.

જિલ્લાના ખેડૂતો બાગાયત ખેતી જેવી કે દાડમ, બોર, પપૈયા, તરબુચ વગેરેની ખેતી કરી રહ્યા છે. જેમાં લાખણી તાલુકામાં ખેડુતોએ દાડમ તરફ સૌથી વધારે ઝંપલાવ્યું છે. ત્યારે આ વર્ષે પુરના કારણે દાડમની ખેતીને મોટુ નુકશાન થયું છે. જેમાં વરસાદ અને વાદળ છતા વાતાવરણને કારણે દાડમના છોડ ઉપર ફુલ ઓછા બેઠા હોવાથી ફળ ખુબ જ ઓછા બેઠા છે. જેના લીધે ફળ આખું બગડી જાય છે. અને કાચું ફળ જમીન ઉપર પડી જાય છે. જેનાથી ખેડૂતના હાથમાં ફળ આવતા નથી અને ભારે નુકશાન વેઠવાનો વારો આવ્યો છે.

**કાળા ડાઘ પડી ફળ બગડી જાય છે.**

ભારે વરસાદને કારણે દાડમના ફળ ઓછા બેઠા છે. અને ઉપરથી કાળા ડાઘને કારણે ફળ બગડી જમીન પર પડી જાય છે. જેને લઈ ગઈ સાલ કરતાં આ વર્ષ ૬૦ થી ૭૦ ટકા ઉત્પાદન ઓછું મળવાથી મોટુ નુકશાન થઈ રહ્યું છે

**દેવરામભાઈ પટેલ (ખેડૂત લાખણીમ)**

**દાડમના ભાવ સારા મળે તો ફાયદો થાય**

લાખણી આજુબાજુના ગામડામાં વહેપારી દ્વારા થોડા સારા ભાવ આપવામાં આવે અને ફળ પણ ઓછા બેઠા હોવાથી દાડમના ૭૦ થી ૮૦ રૂપિયા કીલોના ભાવ મળે તો ખેડૂતોને પોષાય તેમ છે

ચતરાભાઈ પટેલ ખેડુત જસરા

## કાંકરેજ બેઠકના સક્ષમ ઉમેદવારે ફોર્મ પરત ખેંચી ભાજપને સમર્થન આપ્યુ

પ્રતિ. શિહોરી

કાંકરેજ વિધાનસભા ૧૫ માં અપક્ષ ઉમેદવારી નોંધાવનાર પ્રકાશભાઈ દેસાઈએ ભાજપના ઉમેદવાર કિર્તિસિંહ વાઘેલાના સમર્થનમાં ઉમેદવારી પરત ખેંચી ભાજપને ટેકો જાહેર કર્યો હતો.

કાંકરેજ વિધાનસભામાં પ્રકાશભાઈ મલાભાઈ દેસાઈએ અપક્ષ ઉમેદવારી નોંધાવી હતી. પરંતુ સમાજના આગેવાનો અમરતભાઈ આલ સહિત અન્ય આગેવાનો એ ભાજપના સમર્થનમાં ઉમેદવારી પાછી ખેંચી લેવા જણાવતા તેઓએ સમાજના આગેવાનોનું માન રાખી કાંકરેજ મામલતદાર કચેરીએ ચૂંટણી અધિકારી એસ.જે.ચાવડા સમક્ષ પોતાનું ફોર્મ પરત ખેંચી લીધું હતું જે સમયે કાકરેજ તાલુકા ભાજપ પ્રમુખ ડાયાભાઈ પીલીયાતર તેમજ પૃથ્વીરાજસિંહ વાઘેલા (થરા), પુનમસિંહ ડાભી વગેરે ઉપસ્થિત રહ્યા હતા બાદમાં પ્રકાશભાઈ દેસાઈએ ભાજપના કિર્તિસિંહ વાઘેલાને જીતાડવા માટેની કામગીરીમાં જોતરાયા હતા.

## વડગામ ભાજપના ઉમેદવાર વિજય ચક્રવર્તીને સોળ ગામોમાંથી સર્વત્ર આવકાર

(તા.પ્રતિ.) વડગામ

વડગામ વિધાનસભા ભાજપના ઉમેદવાર વિજય ચક્રવર્તી દ્વારા ગઈકાલ ગુરૂવારે વડગામના વરવાડીયા રામપુરા - ધોતા - લક્ષ્મીપુરા - સકલાણા - કરશનપુરા - મેજરપુરા - પાંચડા - શેરપુરા (સેં.), તાજપુરા, સલેમકોટ - મેપડા - બાદરપુરા - પેપોળ - મેમદપુર કુલ સોળ ગામોમાં લોકસંપર્ક કાર્યક્રમ યોજાયો હતો. જ્યાં ગામે ગામ તેઓને સર્વત્ર આવકાર મળ્યો હતો.



વિધાનસભા ઈન્ચાર્જ કેશરભાઈ જે.વાયડા (ચાંગા), તા.ભાજપ પ્રમુખ પ્રવિણસિંહ જે.રાણા (કોદરામ), મહામંત્રી દશરથજી એમ.ઠાકોર (નળાસર), મહામંત્રી ગોવિંદભાઈ એચ.ચૌધરી (નાંદોત્રા) વગેરે અગ્રણીઓએ લોકસંપર્ક કાર્યક્રમમાં પ્રાસંગિક ઉદ્બોધન કર્યુ હતું. બક્ષી મોરચા પ્રમુખ રમેશભાઈ ડી.વળાગાંઠ (પરખડી), લાલજીભાઈ ડી.ચૌધરી (પરખડી), પૂર્વ પ્રમુખ અને બનાસડેરી ડિરેક્ટર ફલજીભાઈ વિ.પટેલ (વરસડા), કિસાન મોરચા તા.પ્રમુખ કાંનજીભાઈ જી.ધુળિયા (લક્ષ્મીપુરા), ઉપપ્રમુખ અશ્વિનભાઈ જી.સકસેના, ગીતાબેન પ્રજાપતિ, શારદાબેન સેનમા, દક્ષાબેન સોલંકી, ગીતાબેન રાવલ, સતિષભાઈ ભોજક વગેરે અગ્રણીઓ લોકસંપર્ક પ્રવાસમાં જોડાયા હતા.

## થરાદ વિધાનસભા ઉપર ત્રિ-પાંખિયો જંગ

હાશ, આપણી ધારેલી સોગઠી મરાણી ખરી હવે ધાર્યું પરિણામ ગમે તે ભોગ મેળવીશું મતબેકમાં ખાડો પાડવો એટલે આપણને નડતા તો આધા રહ્યા બાકી તો બધાને પહોંચી વળશું ગુજરાત વિધાનસભા ચૂંટણી ૨૦૧૭ નો માહોલ ગઈકાલે ઉમેદવારી પત્રો કેટલાક ખેંચાતા કેટલાક રહેતા આવી લાગણી નેતાઓ તેમના સમર્થકોમાં જોવા મળી. જ્ઞાતિવાદના વાવાઝોડાની અસર ટાળવા આવા અખતરા ચોક્કસ પણે થાય છે. બનાસકાંઠા જિલ્લાની નવ વિધાનસભા બેઠક પૈકીની સરહદના સીમાડે આવેલી થરાદ બેઠક પર ભાજપે વર્તમાન ધારાસભ્ય પરબતભાઈ સવાભાઈ પટેલ તથા કોંગ્રેસ યુથ કોંગ્રેસના ગુલાબસિંહ રાજપૂત- માવજીભાઈ પટેલની અવગણના કરીને ડી.ડી.રાજપૂતને ઉમેદવાર બનાવ્યા છે ત્યારે ત્યાં ગુલાબસિંહ રાજપૂત તો સમસમીને બેસી ગયા છે. પરંતુ સીનીયર આગેવાન માવજીભાઈ ચગાભાઈ પટેલે અપક્ષ ઉમેદવારી કરીને આક્રોશ વ્યક્ત કર્યો ગઈકાલે શક્તિ પ્રદર્શન પણ કરી નાખ્યું બીજા તબક્કામાં બનાસકાંઠા જિલ્લાની કેટલીક બેઠકો પર કોંગ્રેસ પાણીમાં બેસી ગઈ હોય તેવું પ્રજાને લાગ્યું જેની અસર થરાદ વિધાનસભા મત વિસ્તારમાં જોવા મળી રહી છે. પરબતભાઈ સવાભાઈ પટેલ - ૧૯૮૫ માં કોંગ્રેસના ઉમેદવારી તરીકે વિજેતા થયેલા તેમના કટ્ટર હરીફ અપક્ષ હરિસિંહ પ્રતાપસિંહ ચાવડાને હરાવી. થરાદ બેઠક ૨૦૧૨ માં વાવ -થરાદમાંથી અલગ પડી.૧૯૯૦ માં પટેલ માવજીભાઈ ચત્રાભાઈ જનતાદળના ઉમેદવાર તરીકે પરબતભાઈ પટેલ - કોંગ્રેસ વચ્ચે ટક્કર થઈને માવજીભાઈ સી.પટેલ વિજેતા થયેલા. ૧૯૯૮, ૨૦૦૭ અને ૨૦૧૨ ત્રણ વિધાનસભા ચૂંટણીમાં માવજીભાઈ પટેલ. ભાજપ - કોંગ્રેસના ઉમેદવાર તરીકે હેમાભાઈ રાજપૂત - પરબતભાઈ પટેલ સામે પરાજીત. ૨૦૧૨ માં થરાદ બેઠક પર પરબતભાઈ પટેલને ભાજપે ટીકીટ આપી જ્યારે માવજીભાઈ પટેલ કોંગ્રેસના પરબતભાઈને ૬૮૫૧૭ જ્યારે માવજીભાઈને ૬૫૦૪૪ મત મળ્યા હતા. ને પરબતભાઈ વિજયી થયેલ. ૨૦૧૭માં પરબતભાઈ પટેલ ભાજપના તો ડી.ડી.રાજપૂત કોંગ્રેસના ઉમેદવાર છે તેમાં માવજીભાઈ પટેલ કેવું ભંગાણ પાડી કોને નુકશાન કરે છે. તેના તરફ સૌની નજર છે આજે આટલું આવતીકાલે ફરી...

કારણ વગરનું રાજકારણ
ચૂંટણી ચક્રવ્યુહ ૨૦૧૭

યશપાલસિંહ ટી.વાઘેલા

## પાલનપુરના કૉંગ્રેસના ઉમેદવારના ચૂંટણી કાર્યાલયનો શુભારંભ

પાલનપુર

ગુજરાત વિધાનસભા ચૂંટણીના પડઘમ વાગી ચુક્યા છે. ત્યારે બનાસકાંઠામાં બીજા ચરણમાં યોજાનાર ચૂંટણીને લઈને રાજકીય પક્ષોનો પ્રચાર વેગ પકડી રહ્યો છે. ત્યારે પાલનપુરના કૉંગ્રેસ ના ઉમેદવાર મહેશભાઈ પટેલના ચૂંટણી કાર્યાલયનો પણ આજથી શુભારંભ કરી ચૂંટણી પ્રચારના વિધિવત શ્રીગણેશ કરાયા છે.



સંજય જોષી

પાલનપુર વિધાનસભા સીટ પર કૉંગ્રેસે સીટીંગ ધારાસભ્ય મહેશ પટેલને રિપીટ કર્યા છે. ત્યારે પાલનપુરના ધારાસભ્ય તરીકે પ્રસિદ્ધિનો મોહ રાખ્યા વિના મૂક સેવક તરીકે વિકાસના કામો કરી ભારે લોક ચાહના મેળવનાર મહેશભાઈ પટેલના ચૂંટણી કાર્યાલયને ખુલ્લું મુકાયું હતું.

આ પ્રસંગે વિશાળ સંખ્યામાં ઉપસ્થત શુભેચ્છકો અને સમર્થકોએ પાલનપુર સીટ પર ફરીએકવાર પુનરાવર્તનનો શંખનાદ ફૂંકવાની નેમ સાથે "આપણે નહી આપણું કામ બોલી ઉઠવું જોઈએ" તેવી માનસિકતા ધરાવતા પાલનપુરના ધારાસભ્ય મહેશ પટેલને પુનઃ વિજયી બનાવવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

આ પ્રસંગે રાજસ્થાન પ્રદેશ કૉંગ્રેસના ઉપપ્રમુખ ઉદયલાલ આંજણા, ધાનેરાના ધારાસભ્ય જોઈતાભાઈ પટેલ, જિલ્લા કૉંગ્રેસ પ્રમુખ ઝાકિર ચૌહાણ, દિનેશભાઈ ગઢવી, ડામરાજી રાજગોર, લક્ષ્મીબેન કરેણ, સેનજીભાઈ દેલવાડીયા, પાલિકા ના વિપક્ષના નેતા અમરત દાઢી, કૌશલ જોશી, ડાયમંડ અગ્રણી અમૃત ફોસી સહીત બહોળી સંખ્યામાં કૉંગ્રેસના કાર્યકરો અને સમર્થકો હાજર રહ્યા હતા.

## ડીસા બેઠકમાં પાંચ ઉમેદવારોએ ફોર્મ પરત ખેંચ્યા

### અપક્ષ તરીકે દાવેદારી કરનાર ચમનલાલ ગજ્જરે ફોર્મ પરત ખેંચ્યું

ડીસા

ડીસા વિધાનસભા બેઠક માટે ગુરુવારે ઉમેદવારીપત્ર પરત ખેંચવાના દિવસે કુલ પાંચ ઉમેદવારોએ પોતાનાં ફોર્મ પરત ખેંચી લેતાં હવે નવ ઉમેદવારો મેદાનમાં રહ્યા છે. જિલ્લા કોંગ્રેસના પૂર્વ પ્રમુખ બહાદુરસિંહ વાઘેલાએ અપક્ષ તરીકે દાવેદારી નોંધાવતા ડીસા બેઠક પર ત્રિપાંખિયો જંગ ખેલાશે.

ડીસા વિધાનસભા બેઠક માટે કુલ ૧૯ ઉમેદવારીપત્રો ભરાયા હતા. જેમાં ભાજપ કોંગ્રેસના ડમી સહિત કુલ પાંચ ઉમેદવારીપત્રો ચકાસણી દરમ્યાન રદ થયાં હતાં. જ્યારે બુધ અને ગુરુવારે ફોર્મ પરત ખેંચવાના દિવસે કુલ પાંચ ઉમેદવારોએ પોતાની દાવેદારી પરત ખેંચી લીધી હતી. જેમાં અપક્ષ ઉમેદવાર તરીકે ફોર્મ ભરનાર સુથાર સમાજના અગ્રણી ચમનલાલ ગજ્જરે પણ પોતાનું ફોર્મ પરત ખેંચી લીધું હતું. જ્યારે જિલ્લા કોંગ્રેસના પૂર્વ પ્રમુખ બહાદુરસિંહ વાઘેલા એ કોંગ્રેસથી છેડો ફાડી અપક્ષ દાવેદારી નોંધાવી છે. જેથી હવે ડીસા બેઠક પર ભાજપ-કોંગ્રેસ ઉપરાંત પણ બસપા અને યુવા સરકાર એમ બીજી બે પાર્ટીના તેમજ તેમજ પાંચ અપક્ષ ઉમેદવારો મેદાનમાં રહ્યા છે.પરંતુ મુખ્ય જંગ ભાજપના શશીકાંત પંડ્યા,કોંગ્રેસના ગોવાભાઈ દેસાઈ અને અપક્ષ બહાદુરસિંગ વાઘેલા વચ્ચે રહેશે.

**ડીસા બેઠકના ઉમેદવારો..**

| | |
|---|---|
| ઠાકોર પરબતજી વાલજીભાઈ | અપક્ષ |
| પુરોહિત શ્યામાબેન નારણભાઈ | અપક્ષ |
| સોલંકી દિનેશભાઈ આલજીભાઈ | બસપા |
| પ્રજાપતિ કનુભાઈ લીલાભાઈ | યુવા સરકાર |
| ગોવાભાઈ હમીરાભાઈ રબારી | કોંગ્રેસ |
| વાઘેલા બહાદુરસિંહ દાદુભા | અપક્ષ |
| પંડ્યા શશીકાંત મહોબતરામ | ભાજપ |
| થેરવાડીયા શિવાજી પથુજી | અપક્ષ |
| ઠાકોર રમણભાઈ સરદારજી | અપક્ષ |

## ડીસા તાલુકાના ગુગળના અન્યાયનો ભોગ બનેલા અસરગ્રસ્ત ખેડૂતોએ ચૂંટણીનો બહિષ્કાર કર્યો

### ૩૦ થી વધુ ખેડૂતોના પરિવારો વિધાનસભાની ચુંટણીથી અળગા રહેશે

પ્રતિ. વડાવળ

ડીસા તાલુકાના ગુગળમાં ચાલુ વર્ષ આવેલ પૂર દરમ્યાન ખેતી પાકો અને જમીનોમાં વ્યાપક પ્રમાણમાં ધોવાણ થયા બાદ સર્વેની ટીમે લાગવગ અને લેતી દેતીના વ્યવહારો કરી સાચા અસરગ્રસ્તોને બદલે નહીવત પ્રમાણમાં નુકશાન થનાર અને કેટલાકને વિના નુકશાને સહાય મંજુર કરતા અન્યાયનો ભોગ બનેલા ૩૦ જેટલા પરિવારોએ ચુંટણીનો બહિષ્કાર કરતા તંત્રની



લાપરવાહીનો પર્દાફશ થવા પામ્યો છે.

ગુગળ ગામે ચોમાસા દરમ્યાન થયેલા ભારે વરસાદમાં ખેડૂતોને મોટાપાયે નુકશાન થવા પામ્યું હતું નુકશાનના વળતર માટે આવેલ ટીમે ગામના કેટલાક લોકોના ઈશારે સર્વેમાં લાગવગ અને લેતેદેતીનો વ્યવહાર ચલાવતા જે સાચા અસરગ્રસ્તો હતા તેમને સામાન્ય સહાય પાસ થઈ હતી જ્યારે જેમને અશતઃ કે બિલકુલ નુકશાન થયેલ ન હોતું તેવા લોકોને મોટી રકમ મજૂર કરતા સાચા અસરગ્રસ્તોમાં રોષ જોવા મળી રહ્યો છે. અને આ બાબતે ઉચ્ચકક્ષાએ રજૂઆત કરવા સાથે યોગ્ય નિરાકરણ નહી આવતા અન્યાયનો ભોગ બનેલા ૩૦ જેટલા પરિવારોએ ચુંટણીથી અળગા રહેવાનો નિર્ણય કર્યો છે.

**ખોટો સર્વે થયો છે : રબારી નાગજીભાઈ ગમાનભાઈ - અસરગ્રસ્ત ખેડૂત**

સર્વ માટે આવેલી ટીમે કેટલાક લોકોના ઈશારે ખોટા સર્વે કરી તેમને વધારે લાભ અપાવ્યો છે જ્યારે સાચા ખેડૂતોને અન્યાય થયો છે જેથી ફરી તપાસ થવી જોઈએ.

**ન્યાય ન મળતા ચુંટણી બહિષ્કારનો નિર્ણય લીધો છે : રબારી પીરાભાઈ જગમાલભાઈ - અસરગ્રસ્ત**

મારા ખેતરમાં છ-છ ફૂટ રેત પથરાયેલી હોવાથી મને મામૂલી સહાય મળી છે એટલે અમે વારંવાર તંત્ર આગળ રજૂઆત કરવા છતાં ન્યાય ન મળતા ચુંટણીનો બહિષ્કાર કરીએ છીએ.

## દિયોદરના તેરવાડાની કિશોરી પર દુષ્કર્મ આચરનારને ૧૦ વર્ષની કેદ

### કુટુંબી કાકા બેંકમાં જવાનું બહાનુ કાઢી ભગાડી ગયા હતા : ડીસાના એડિશનલ સેશન્સ જજે આપેલો ચુકાદો

ડીસા

દિયોદર તાલુકાના તેરવાડા ગામની કિશોરીને તેના ઓગડપુરા ખાતે રહેતા કુટુંબી કાકા બેંકમાં સહી કરવાના બહાને ભગાડી જઇ બળાત્કાર ગુજાર્યો હતો. જે કેસમાં ડીસાના એડિશનલ સેશન્સ જજ અને સ્પેશ્યલ પોસ્કો જજ દ્વારા આરોપીને ૧૦ વર્ષની સખત કેદની સજા ફટકારી હતી.

આ કેસની વિગત એવી છેકે દિયોદર તાલુકાના તેરવાડા ગામે રહેતા ખેડૂત પરિવારની ૧૩ વર્ષની કિશોરી ગત તા. ૧/૧/૨૦૧૬ના રોજ પોતાના ઘરે હતી ત્યારે મૂળ તેરવાડા ના પરંતુ હાલ ઓગડપુરા ખાતે રહેતા તેના કુટુંબી કાકા મણાજી ધરમાજી ઠાકોર તેમના ઘરે આવ્યા હતા અને તેણીના માતા પિતાને જણાવ્યું હતું કે મારી દીકરીને ડીલીવરી આવેલ છે અને તેનું ખાતું દિયોદર બેંકમાં છે.જેથી તેના વતી તમારી દીકરીને સહી કરવા મોકલો હું મોડા તેને પરત મૂકી જઈશ તેમ કહી મણાજી કિશોરીને લઈ ગયા હતા.જોકે સાંજ સુધી તેઓ પરત ન આવતાં કિશોરીના પરિવારજનોએ તપાસ કરતા તેમનો ફોન બંધ હતો અને તેમના ઘરે આજુબાજુ તેમજ સગાવહાલાં તપાસ કરતા તેમનો કોઈ અત્તોપત્તો મળીને આવ્યો ન હતો. જેથી પરિવારજનોને તેમની દિકરીને મણાજી ખરાબ કામ કરવાના ઈરાદે લઇ ગયા હોવાની શંકા ઉપજી હતી અને તેમણે પોલીસને જસન કરી શોધખોળ ચાલુ રાખતા એક અઠવાડિયા બાદ ગામના સરપંચ અને બીજા માણસો કિશોરીને લઇ તેમના ઘરે આવ્યા હતા.

જો કે કિશોરી એકદમ ગભરાયેલી હતી તેની પૂછપરછ કરતા તેણે જણાવ્યું હતું કે મણાજી બેંકમાં સહી કરવાના બહાને દિયોદર થી ભીલડી થઈ વીસનગર લઈ ગયા હતા .જ્યાં કોઈ ઓળખીતાના ઘરે રાખી રાત્રે તેની સાથે બળજબરીપૂર્વક સંભોગ કર્યો હતો. તેમજ આ વાત કોઈને કહીશ તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ત્યારબાદ રવિ નામના વ્યક્તિએ તેરવાડા ફોન કરતા ગામના સરપંચ અને બીજા માણસો આવી જતા મણાજી ભાગી ગયો હતો અને તેઓ કિશોરીને ઘરે લઈ આવ્યા બાદ મણાજી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

જે કેસ ડીસા કોર્ટમાં ચાલી જતા ડીસાના એડિશનલ સેસન્સ જજ અને સ્પેશ્યલ પોક્સો જજ ડી.બી.બારોટે એ.પી.પી. એન એસ.વકીલની દલીલો ને ગ્રાહ્ય રાખી આરોપીને અપહરણના ગુનામાં પાંચ વર્ષ, બળાત્કારના ગુનામાં પાંચ વર્ષ અને પોક્સો એક્ટ ની કલમ હેઠળ ૧૦ વર્ષની સખત કેદની સજા ફટકારી હતી આરોપીએ તમામ સજા એક સાથે ભોગવવાનો પણ કોર્ટે આદેશ કર્યો હતો.

## વાવ વિધાનસભા બેઠક ઉપર સર્વત્ર કેશરીયો માહોલ



વિષ્ણુ પરમાર

તા.પ્રતિ વાવ

જેમ જેમ ચુંટણી યોજાવાના દિવસો નજીક આવતા જાય છે. તેમ તેમ વાવ વિધાનસભા બેઠક ઉપર વિકાસના મુદાને લઈ સર્વત્ર કેશરીયો માહોલ જામતો જાય છે વાવ વિધાનસભા બેઠકના વાવ - ભાભર - સૂઈગામ પંથકના ગામે ગામ વિકાસના કાર્યોએ હરણફાળ ભરી છે. નર્મદાના નીર પહોંચી ચૂકયા છે ત્યારે તમામ ગામની જનતા અને મતદારો ભારે ગેલમાં આવી ગયા છે.

વાવ વિધાનસભા બેઠક ગામે ગામ ભાજપના વિકાસના કાર્યોના ગીતોની સીડી કેસેટોનો નાદ ગુંજી ઉઠયો છે. નાના બાળકથી માંડીને અબાલ - વૃધ્ધના મુખે વડાપ્રધાન મોદીનો નારો ગુંજી ઉઠયો છે. રાજય સરકારના મંત્રી અને વાવના ધારાસભ્ય શંકરભાઈ ચૌધરીને ગામે - ગામ ગલી - ગલી ઘેર - ઘેરથી ઉમળકાભેર આવકાર સાંપડી રહ્યો છે.સમગ્ર વાવ વિધાનસભા બેઠક ઉપર કમળનો નાદ અને વાવ પંથકમાં 'શંકરભાઈ તૂમ આગે બઢો હમ તુમહારે સાથ હૈ'ના નારો ગુંજી ઉઠ્યો છે.

અનુસંધાન પાના નં.૬

## લાખણી તાલુકાના ખેડૂતોની સહાયની રકમ બીજા ખાતામાં જમા થતા ખેડૂતો લાચાર

### ખાતા નંબર માં ગોટાળાના લીધે ગામ દીઠ ૫૦ થી ૭૦ ખાતેદારોને પાક નિષ્ફળ કે જમીન ધોવાણની સહાય મળી નથી

પ્રતિનિધિ ગેળા

લાખણી તાલુકામાં ગત જુલાઇ માસમાં આવેલા ભારે પૂરમાં તાલુકાના મોટાભાગના ખેડૂતોના પાક નિષ્ફળ થવા પામ્યો હતો અને ખેતરોમાં ધોવાણ થવા પામ્યું હતું. જેની સહાયમાં તંત્રની બેદરકારીના લીધે ભળતા નામ તથા ભળતા ખાતા નંબર માં જમા થતા તેમજ ખાતા નંબરમાં ભૂલોના કારણે મળેલી સહાય ખાતામાં જમા ન થતા ખેડૂતો લાચાર બન્યા છે અને તાલુકા પંચાયત અને બેન્કોના ધક્કા ખાવા પડતા હોવાથી તંત્ર અને સરકાર પ્રત્યે ભારોભાર અસંતોષ જોવા મળી રહ્યો છે.

લાખણી તાલુકામાં આવેલા ભારે પુર બાદ ખેડૂતોની હાલત દયનીય બની છે અને કરોડોનું નુકસાન થવા પામ્યુ છે ત્યારે ખેડૂતોને ઘર વ્યવહાર ચલાવવા માટે ફક્ત સરકારી સહાય ની આશા હતી. જમીન ધોવાણ અને પાક નિષ્ફળ ના સહાયના ફોર્મ ભરવા માટે ઉતારા કાઢવા માટે ગ્રામ પંચાયતો અને જનસેવા કેન્દ્રોમાં આખો આખો દિવસ લાઈનમાં ઉભા રહી ફોર્મ ભર્યા હતા. ત્યારબાદ સરકાર દ્વારા સહાય ફાળવાતા અને પોતાના બેન્ક ખાતામાં સહાય જમા

અનુસંધાન પાના નં.૬

## ડીસામાં રત્ન કલાકારોનું બહાદુરસિંહ વાઘેલાને સમર્થન



ડીસા

ડીસા મત વિસ્તારમાં બટાકા સહિતના પાકોના ભાવ અને પુર અસરગ્રસ્તોને ન્યાય અપાવવા સરકાર સામે ઝઝૂમતા બહાદુરસિંહ વાઘેલાએ વિધાનસભાની ચૂંટણીમાં અપક્ષ ઉમેદવાર તરીકે ઝંપલાવ્યું છે. જેથી ખેડૂતો સહિત આમ પ્રજાનું તેમને ભરપુર સમર્થન મળી રહ્યું છે.

ખેડૂતો અને પુર પીડીતોના ન્યાય માટે ક્ષત્રિય આગેવાન બહાદૂરસિંહ વાઘેલાએ સરકાર સામે આંદોલન છેડ્યું છે. જેમાં આવેદનપત્રો અને ધરણાં જેવા આક્રમક કાર્યક્રમો આપ્યા છે. તેમ છતાં ખેડૂત વિરોધી સરકાર તેમનો અવાજ સાંભળતી નથી. તેથી ખેડૂતો સહિત આમ પ્રજાના સમર્થનથી તેમણે ખેડૂતો સહિત પંથકના પ્રશ્નોને વાચા આપવા વિધાનસભાની ચૂંટણીમાં અપક્ષ દાવેદારી નોંધાવી છે. તેથી ખેડૂતો સહિત સમાજના વિવિધ વર્ગનું તેમને પ્રચંડ સમર્થન મળી રહ્યું છે. ગતરોજ ડીસામાં રત્ન કલાકારોએ પણ તેમની બટાટાના ટેકાના ભાવ અને પુર અસરગ્રસ્તોને ન્યાય અપાવવા માટેની લડતને બિરદાવી તેમના પ્રશ્નોની રજૂઆત કરી હતી. જે ન્યાયીક માંગણીઓ પૂર્ણ કરવાનું તેમણે વચન આપ્યું હતું. તેથી તમામ રત્ન કલાકારોએ વિધાનસભાની ચૂંટણીમાં બહાદુરસિંહ વાઘેલાને સમર્થન જાહેર કર્યું હતું.

## દીઓદર વિધાનસભા સીટમાં ૪ ઉમેદવાર

તાલુકા પ્રતિનિધિ દીઓદર

૧૪,દીઓદર વિધાનસભા મત વિસ્તારની યોજાઈ રહેલી ચુંટણીમાં ૧૪ જેટલા ફોર્મ ભરાવવા પામેલ જેમાં ચકાસણી દરમ્યાન ત્રણ ફોર્મ રદ થવા પામેલ.ત્યારબાદ આજરોજ ફોર્મ પરત ખેંચવાના દિને વધુ ફોર્મ પરત ખેંચાતાં ચાર ઉમેદવારો હરીફાઈમાં રહેવા પામેલ. જેમાં શીવાભાઈ અમરાભાઈ ભુરીયા (ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ),કેશાજી શીવાજી ચૌહાણ (ભારતીય જનતા પાર્ટી),વાઘેલા હીરાજી પ્રહલાદજી (બહુજન મુક્તિ પાર્ટી) તથા અપક્ષ




તરીકે જોષી જીવણભાઈ કરસનભાઈ રહેવા પામેલ.

આજરોજ ફોર્મ પરત ખેંચવા સમયે ક્ષત્રિય સેનાના આગેવાન મુકેશભાઈ એસ.ઠાકોરે ફોર્મ પરત ખેંચી લીધેલ.જયારે એક દેસાઈ તથા બે પટેલ ઉમેદવારોએ ભુરીયા શીવાભાઈની તરફેણમાં ઉમેદવારી પત્ર પરત ખેંચેલ.

## ધાનેરા વિધાનસભા ભાજપના ઉમેદવાર માવજીભાઈ દેસાઈનો લોકસંપર્ક કાર્યક્રમ

ડીસા

ધાનેરા વિધાનસભા સીટના ઈન્ચાર્જ ગીરધરભાઈ ભીમાણી એક અખબારી યાદીમાં જણાવે છે કે ધાનેરા વિધાનસભા સીટના ભાજપના ઉમેદવાર માવજીભાઈ દેસાઈનો તા.૧ ડીસેમ્બર -૨૦૧૭ ને શુક્રવારનો લોકસંપર્ક કાર્યક્રમ સવારે ૯-૦૦ કલાકે કુંડી, ૯.૩૦ માંડલ, ૧૦-૦૦ કસલપુરા,૧૦-૩૦ વાસડા, ૧૧-૦૦ ગોળીયા આ,૧૧-૩૦ નેગાળા, બપોરે ૨-૦૦ અલવાડા, ૩-૦૦ ખાગણ, ૪-૦૦ રાજોડા, ૫-૦૦ મેવાડા, ૬-૦૦ રૂણી, ૭-૦૦ વાલેર, ૭-૩૦ કરાધણી ગામમાં લોકસંપર્ક કરશે જેમાં ભાજપના હોદેદારો, કાર્યકરો સહિત આગેવાનો અને ગ્રામજનોને હાજર રહેવા અનુરોધ કરાયો છે.



## વાવના ભાજપના ઉમેદવારનો સપ્રેડા અને ભાખરી ગામે લોકસંપર્ક કાર્યક્રમ યોજાયો



વિષ્ણુ પરમાર

વાવ વિધાનસભા બેઠક ઉપર ભાજપ તરફે ચૂંટણી લડી રહેલા રાજ્યમંત્રી શંકરભાઈ ચૌધરીએ સમગ્ર મત વિસ્તારમાં લોકસંપર્ક શરૂ કરી દીધો છે ત્યાર ગામે ગામ તેમને ઉમળકાભેર આવકાર મળી રહ્યો છે. ગતરોજ વાવ તાલુકાના સપ્રેડા અને ભાખરી ગામે તેમનો લોકસંપર્ક કાર્યક્રમો યોજાતાં બંને ગામોના આગેવાનો, કાર્યકરો અને યુવાનોએ જંગી મતોથી તેમજ વિજયી બનાવવા ખાત્રી આપી હતી.

## દાંતા બેઠકના ભાજપ ઉમેદવારને જન સમર્થન

દાંતા

દાંતા વિધાનસભા બેઠક ઉપર ભાજપે માલજીભાઈ કોદરવીને ટીકીટ ફાળવતા ભાજપના કાર્યકરો અને ખાસ કરીને યુવાનોમાં ખુશાલી છવાઈ છે. તેથી તેમને દાંતા અને અમીરગઢ તાલુકાના ગામે ગામ પ્રચંડ પ્રતિસાદ અને આવકાર સાંપડી રહ્યો છે. જેથી કોંગ્રેસ છાવણીમાં સન્નાટો છવાયો છે. ભાજપે આ વખતે શિક્ષિત અને મામલતદાર કક્ષાના સ્થાનિક ઉમેદવારને ચૂંટણીના મેદાનમાં ઉતાર્યા છે.



અનુસંધાન પાના નં.૬

## દાંતામાં ૯ ઉમેદવારો વચ્ચે ટક્કર

(પ્રતિનિધિ) દાંતા

દાંતા વિધાનસભા બેઠકમાં ૧૧ ઉમેદવારો દ્વારા ૧૭ ફોર્મ ભરાયા હતા. જેમાંથી ડમી અને અધૂરી વિગતોવાળા ૮ ફોર્મ ચકાસણી દરમ્યાન રદ થયા હતા. તેથી ૯ ઉમેદવારો મેદાનમાં રહ્યાં હતા. પરંતુ ગઈકાલે ફોર્મ પરત ખેંચવાની છેલ્લી મુદ્દતે એકપણ ફોર્મ સાર્વજનક રીતે પરત ખેંચાયું ન હતું. તેથી ૯ ઉમેદવારો વચ્ચે ચૂંટણી જંગ નિર્ધારીત થયો છે.

**૯ ઉમેદવારો**

| ઉમેદવારનું નામ | પક્ષ |
|---|---|
| કાન્તીભાઈ કાળાભાઈ ખરાડી | કોંગ્રેસ |
| કોદરવી માલજીભાઈ નારાયણભાઈ | ભાજપ |
| ધ્રાંગી મનહરભાઈ ભોયલાભાઈ | એન.સી.પી. |
| કનાભાઈ ચુનાભાઈ માંછાતર | ગુજરાત જન ચેતના પાર્ટી |
| સોલંકી સોમાભાઈ ભારમલભાઈ | જનતાદળ (યુનાઈટેડ) |
| ડુંગાઈસા વિરમાભાઈ કેશરાભાઈ | અપક્ષ |
| નીસરતા રસીલાબેન ખાતરાભાઈ | અપક્ષ |
| પરમાર ભુરાભાઈ માનાભાઈ | અપક્ષ |
| ભીલ કાળુરામ મંગળજી | અપક્ષ |

ધી સોમનાથ નાગરિક શરાફી સહ. મં.લી., ડીસા.
(રજી.નં.સે/૩૧૪૩૭ તા.૦૬-૧૨-૯૯)
**જાહેરાત**
આથી તમામ ડીસા તાલુકા દાંતીવાડા તાલુકા પાલનપુર અને ધાનેરા તાલુકાની નાગરિક શરાફી તથા ક્રેડીટ સોસાયટીઓને જણાવવાનું કે અમારી મંડળીના કાર્યક્ષત્રની માંગણી કરેલ હોઈ આપની સંસ્થાઓને કોઈ વાંધો હોય તો મંડળીની ઓફીસ તથા જિલ્લા રજીસ્ટારની ઓફીસે જણાવવાનું રાખશો.
લિ. ચરેમેન, ધી સોમનાથ નાગરિક શરાફી સહ. મં.લી.

# તંત્રી સ્થાનેથી ...

**વિનમ્રતા, જીજ્ઞાસા અને સેવાથી જ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે.**

## ચુંટણીમાં મોટી જ્ઞાતિઓની બોલબાલા

કોંગ્રેસે શરૂથી જ જાતિવાદી રાજકારણને એટલું વકરાવ્યું છે કે, ચુંટણીમાં મોટી જ્ઞાતિના લોકોને જ હવે ટિકીટો મળે છે. નાની જ્ઞાતિના કાર્યકરોને માત્ર મોટી જ્ઞાતિમાંથી પસંદ થયેલા ઉમેદવારોને ચુંટાવી દેવાની જવાબદારી સોપવામાં આવે છે.

૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીમાં રાજ્યમાં ૧૨ ટકા વસ્તી ધરાવતા પટેલોને ભાજપે ૫૨ અને કોંગ્રેસે ૪૩ ટિકીટ આપી છે. જે કોઈપણ જ્ઞાતિ કરતાં વધુ છે. સૌથી વધુ વસ્તી ધરાવતા ઓબીસી સમાજને ભાજપે ૬૦ અને કોંગ્રેસે ૪૭ બેઠકો પર ટિકિટ આપી છે. ઓબીસી સમાજવાદી જ્ઞાતિની બહેનોનો સમાવેશ થાય છે. મતલબ એમાં કેટલીક નાન જાતિઓ આવી જાય છે. પણ તેમના જ્ઞાતિવાર આંકડા ઉપલબ્ધ નથી. જે રીતે મોટી જ્ઞાતિઓને જ મહત્વ મળી રહ્યું છે તે જોતાં ઓબીસીમાં આવતી નાની જ્ઞાતિઓનો કલાસ લાગવાનો સવાલ ઉભો નહીં થતો હોય. રાજ્યમાં મુસ્લિમો ૧૦ ટકા છે. ભાજપમાં મુસ્લિમ સમાજના લોકો બહુ ઓછા પ્રમાણમાં છે. એટલે એણે કોઈપણ મુસ્લિમને ટિકીટ આપવાનું જોખમ ઉઠાવ્યું નથી. પણ કોંગ્રેસની મોટી મતબેંક મુસ્લિમ સમાજ છે. છતાં કોંગ્રેસે ૭ જ મુસ્લિમોને ટિકીટ આપી છે. જે કુલ્લ બેઠકોના કુલ્લ બેઠકોના ૪ ટકાથી ઓછી છે. ૯૦ ટકા મુસ્લિમ કોંગ્રેસ સાથે હોવા છતાં કોંગ્રેસે ૪ ટકાથી ઓછી બેઠકો તેમને ફાળવી છે. મોટી જ્ઞાતિઓને ટિકીટો ફાળવવાની ઉભી થઈ ગયેલી પરંપરાઓ બન્ને પક્ષોએ અહીં નીભાવી નથી. ભાજપને મુસ્લિમોનો ટેકો માંડ ૧૦ ટકા છે. એટલે ભાજપ કોઈ જોખમ ન ઉઠાવે પણ ૯૦ ટકા મુસ્લિમોનો ટેકો ધરાવતી કોંગ્રેસે શા માટે કંજુસાઈ કરી તે મુસ્લિમોને સમજાયું નહીં હોય.

પટેલ સમાજના માંડ ૧૦-૧૫ ટકા મતદારોનો ટેકો કોંગ્રેસને મળે છે છતાં કોંગ્રેસે તેમને ૨૫.૮૨ ટકા બેઠકો ફાળવી દીધી છે. જોકે એની સામે ૮૫થી ૯૦ ટકા પટેલોનો ટેકો ધરાવતા ભાજપે પટેલોને ૨૯.૧૨ ટકા બેઠકો આપી છે. પટેલ આંદોલનથી પ્રેરાઈને કદાચ પટેલોને પણ તરફ આકર્ષવા કોંગ્રેસે તેમને કદાચ પહેલીવાર વધુ બેઠકો ફાળવી છે. પણ કોંગ્રેસ માટે પટેલો આકર્ષવા જતાં ઓબીસી સમાજને સાચવવો પણ જરૂરી છે. ઓબીસી સમાજના અલ્પેશ ઠાકોર અને પટેલ સમાજના હાર્દિક પટેલને કઠપુતલીની જેમ નચાવ્યા પછી કોંગ્રેસે તેમના નામે એમના સમાજનો ટેકો મેળવવા આશા રાખી છે. જો કે ઓબીસી સમાજનો નેતા હોવાનો દાવો કરતાઅલ્પેશ ઠાકોરને મુખ્યત્વે તો ઠાકોર સમાજનો અને તો ઠાકોર સમાજનો અને તે ય અંશતઃ ટેકો છે. બાકીનો ઓબીસી સમાજ પણ તેની સાથે છે તેવું ક્યાંય પ્રમાણિત નથી થયું. છતાં હાર્દિક પટેલ કરતાં અલ્પેશ ઠાકોર કોંગ્રેસ પર પ્રભાવ પાડવામાં વધુ સફળ રહ્યા છે અને તેના પરિણામે પટેલ સમાજના વર્ચસ્વવાળી ૧૩ બેઠકો કોંગ્રેસે ઓબીસી સમાજના ચરણે ધરી દીધી છે. તેથી પટેલ સમાજ પર તેની વિપરીત અસર પડી શકે છે. કોંગ્રેસે ઓબીસી સમાજના જે ૧૩ લોકોને ટીકિટ આપી છે, તેમાં ઠાકોર સમાજના લોકો વિશેષ છે. એટલે બાકીના ઓબીસી સમાજ પર પણ તેની વિપરિત અસર પડી શકે છે. હાર્દિક પટેલની રાજકીય ચાલ સમજમાં આવી જતાં પટેલ સમાજના મોટા ભાગનું સમર્થન હાર્દિક પટેલ ગુમાવી ચૂક્યા છે. પરિણામે કોંગ્રેસે પટેલના સમાજના વર્ચસ્વવાળી ૧૩ સીટો અલ્પેશની ભલામણવાળા ઉમેદવારોને ફાળવી દીધી જણાય છે. ભાજપે પટેલોને વધુ બેઠકો ફાળવીને તેમનો ભાજપને મળતો ટેકો જાળવી રાખવાની આશા ઉભી કરી છે.

આદીવાસી અને દલિત સમાજને તો બંધારણે ચાક્કસ સંખ્યા નિર્ધારિત કરી આપી છે એટલે કોઈપણ પક્ષ માટે તેમની ટિકીટ કાપવાની કોઈ તક રહેતી નથી. જો કે એક પણ દલીત કે આદીવાસીને બિનઅનામત બેઠક પર ટિકીટ કોઈપણ પક્ષે આપી નથી. ભૂતકાળમાં ભુજ નગરપાલિકામાં એક હરિજન મહિલાને ભાજપે બિનઅનામત બેઠકના ઉમેદવાર બનાવીને તેમને નગરપતિપદ સુધી બેસાડ્યાનો દાખલો અમને યાદ છે. પરંતુ ધારાસભ્ય કે સંસદની બેઠક પર કોઈપણ પક્ષે આવો અખતરો નહીં કર્યાનું અમને યાદ નથી આવતું. આનો અર્થ એ થયો કે, કોઈપણ રાજકીય પક્ષ જ્યાં જેને આપવી પડે ત્યાં જ ટિકીટ આપે છે. પરિણામે જ્ઞાતિના સંખ્યાબળમાં નબળા પણ ટેલેન્ટ લોકો પ્રજાકીય પ્રતિનિધિ ગૃહ સુધી પહોંચવામાં ટુંકા પડે છે.

## શેલ્બી લિમિટેડઃ આઈપીઓ ૫ ડિસે.ને મંગળવારે ખુલશે અને ૭ ડિસે.ને ગુરુવારે બંધ થશે




અમદાવાદ

શેલ્બી લિમિટેડ ("કંપની")એ ૫ ડિસેમ્બર, ૨૦૧૭ને મંગળવારનાં રોજ પ્રીમિયમ સહિત કેશનાં બદલામાં રૂ. ૧૦ની ફેસ વેલ્યુ ધરાવતાં ઈક્વિટી શેર ("ઈક્વિટી શેર")નો આઈપીઓ લાવવાની દરખાસ્ત રજૂ કરી છે. ઓફરમાં રૂ. ૪,૮૦૦ મિલિયન સુધીનાં નવા ઈક્વિટી શેર અને ડો. વિક્રમ શાહ ("વિક્રેતા શેરધારક")નાં ૧,૦૦૦,૦૦૦ ઈક્વિટી શેરની ઓફર ફોર સેલ (ઓએફએસ) સામેલ છે. ઓફરમાં જાહેર જનતા માટે ઈક્વિટી શેરની નેટ ઓફર ("નેટ ઓફર") અને લાયક કર્મચારીઓ માટે ૧૨૧,૦૦૦ ઈક્વિટી શેરનું રિઝર્વેશન સામેલ છે. ઓફર ૭ ડિસેમ્બર, ૨૦૧૭નાં રોજ બંધ થશે. એન્કર ઈન્વેસ્ટર બિડ/ઈશ્યૂનો ગાળો, જો કોઈ હશે, તો બિડ/ઈશ્યૂ ખુલવાની તારીખનાં એક ચાલુ દિવસનો રહેશે.

ઓફરની પ્રાઈઝ બેન્ડ ઈક્વિટી શેરદીઠ રૂ. ૨૪૫થી રૂ. ૨૪૮ નક્કી કરવામાં આવી છે. બિડ લઘુતમ ૬૦ ઈક્વિટી શેર અને પછી ૬૦ ઈક્વિટી શેરનાં ગુણાંકમાં થઈ શકશે. રેડ હેરિંગ પ્રોસ્પેક્ટ્સ ("આરએચપી") મારફતે ૨૪ નવેમ્બર, ૨૦૧૭નાં રોજ ઓફર થયેલા ઈક્વિટી શેરનું લિસ્ટિંગ બીએસઈ અને એનએસઈ પર થશે. ઓફરનાં બુક રનિંગ લીડ મેનેજર્સ ("બીઆરએલએમ") એડલવાઈસ ફાઈનાન્શિયલ સર્વિસીસ લિમિટેડ, આઈડીએફસી બેંક લિમિટેડ અને આઈઆઈએફએલ હોલ્ડિંગ્સ લિમિટેડ છે.

### આત્મચિંતન

## આધ્યાત્મની શક્તિ વિજ્ઞાનથી મોટી છે

આજે પરિસ્થિતિ ખૂબ વિષમ છે. વૈભવ તથા વિનાશના હીંચકા ઉપર ઝૂલી રહેલી માનવજાતને બચાવવા માટે લોકોની આસ્થાઓના મર્મસ્થળ સુધી પહોંચવું પડશે અને માનવીય ગૌરવને જાગ્રત કરવા માટે દૂરદર્શી વિવેકશીલતા જાગ્રત કરવાનો પ્રચંડ પુરૂષાર્થ કરવો પડશે. સાધનો દ્વારા આ કાર્યોમાં કોઈ મદદ મળી શકે એવું વિચારવું ભ્રાંતિપૂર્ણ છે. દુર્બળ આસ્થાવાળા લોકોના અંતરને તત્વદર્શન અને સાધનાપ્રયોગના ખાતરની જરૂર છે. અધ્યાત્મવેત્તાઓ આ મર્મસ્થળની દેખરેખ રાખવાની જવાબદારી પોતાની ઉપર લે છે અને યથાસમયે સમાજ વ્યાપેલી ભ્રાંતિઓમાંથી માનવતાને બહાર કાઢે છે. અધ્યાત્મની શક્તિ વિજ્ઞાન કરતાં પણ મોટી છે. અધ્યાત્મ જ માણસના અંતરમાં રહેલી વિકૃતિઓ સામે લડી શકે છે અને તેમને નાબૂદ કરીને શક્તિશાળી તત્વોની સ્થાપના કરી શકે છે.

**ગાયત્રી શક્તિપીઠ,ડીસા**

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

## પોતાની આવનારી ફિલ્મ" ફિરંગી"ના પ્રમોશન માટે અમદાવાદના મહેમાન બન્યા કપિલ શર્મા



અમદાવાદ

નાના પરદે સિતારા હસ્તી કાયમ કર્યા બાદ કોમેડિયન એક્ટર કપિલ શર્મા એક વાર ફરી મોટા પરદા પર દર્શકોને હસાવવા આવી રહ્યા છે.ફિરંગી માંગા નામના એક ઓછા ભણેલ માણસની ખૂબ હસાવે તેવી વાર્તા છે, જે માત્ર ૪ ચોપડી જ ભણ્યો છે, અને બ્રિટિશ ફોજમાં કામ કરવાની ઈચ્છા રાખે છે.આના માટે ૩ વાર કોશિશ પણ કરે છે, પરંતુ દરેક વખતે નાકામ રહે છે.પરંતુ જ્યારે તે નાકુ ગુડા ગામ જાય છે તો તેની કિસ્મત ફરી જાય છે અને લાત મારીને કમરના દુખાવાને ભગાઈ નાખવા વાળી તેની ખાસિયત તેને ફોજમાં અર્દલી ની નોકરી અપાવે છે. જ્યારે તેને લાગે છે કે બ્રિટિશ ફોજના નોકરી તેને પોતાની પ્રેમિકા સારગી ( ઈશિતા દત્તા) જોડે મળાવશે તો ત્યારે તેનો ફિરંગી પ્રેમ તેના રસ્તાનો પથ્થર બની જાય છે.

આ વચ્ચે જ ફિરંગીની વાર્તામાં એક એવો વલાંક આવે છે કે જે વારે વારે તેને લોકોની નજરમાં નીચે પાડવાનો પ્રયાસ કરે છે.પરંતુ તેની ભોળી અદાઓ થી એક નાની રિયાસતની રાજકુમારી એને પસંદ કરવા લાગી છે. પછી શરૂ થાય છે ગામના લોકોની સાથે છળ અને પ્રપંચની એક રમત જેનો જવાબદાર પણ માંગાને જ માનવામાં આવે છે. આ પછીનો ઘટનાક્રમ અને ફિલ્મનો ક્લાઈમેક્સ દર્શકોને પકડી રાખશે. ફિરંગીમાં કપિલ શર્માની સાથે ઈશિતા દત્તા, મોનિકા ગિલ, કુમુદ મિશ્રા, અંજન શ્રીવાસ્તવ અને ઈડવર્ડ છે.આ ફિલ્મના નિર્માતા ખૂદ કપિલ શર્મા છે અને ફિલ્મનું નિર્દેશન કર્યુ છે રાજીવ ઢિંગરા એ. જીતિંદર શાહ ના સંગીતથી સુસજ્જ ફિરંગી ૧ ડિસેમ્બરના રોજ આખા દેશમાં પ્રદર્શિત થવા જઈ રહી છે.

## પ્રહલાદ કકર સ્કુલ ઓફ બ્રાન્ડીંગ એન્ડ એન્ત્રયોપ્રિનીયરશીપ ની કાર્લટોન યુનિવર્સિટી, કેનેડા સાથે જોડાણની જાહેરાત



ફોટો : શાંતી શાહ

ધ પ્રહલાદ કકર સ્કુલ ઓફ બ્રાન્ડીંગ એન્ડ એન્ત્રોપ્રિનીયર શીપ (પીકેએસબીઈ) એ ગર્વ સાથે પ્રતિષ્ઠીત કાર્લટોન યુનિર્વસીટી સાથે જોડાણની જાહેરાત કરી. આ ઉષ્માભર્યા સબંધોની શરુઆત ફેબ્રુઆરી ૨૦૧૮માં પ્રથમ બેચ થી થશે. આ પ્રોગ્રામ ખાસ ઉભરતા ઉધોગ સાહસિકો માટે તૈયાર કરાયો છેજેમા વિવિધ ઉધોગો શરુ કરવા અને સફળતાપુવર્ક ચલાવવા માટે સંપુર્ણ જ્ઞાનનુ આદાનપ્રદાન થશે.

આ કોર્સમાં વિદ્યાર્થીઓને નિષ્ણાતો પાસેથી ફંન્ડીંગ , ટેકનોલોજી સપોર્ટ, મેન્ટોરશીપ , વગેરે વિષયક જ્ઞાન મળશે. આ કોર્સનો હેતુ ક્રોસ કલ્ચરલ લર્નિંગ અનુભવને પ્રોત્સાહન આપવાનો છે જેથી ભારત અને કેનેડા બન્ને દેશના વિદ્યાર્થીઓ એક બીજાના દેશમાં મહીનો ગાળી લાભ મેળવી શકે. એજયુકેશન અને બિઝનેસ માટેનુ સહયોગ બન્ને દેશો માટે ફાયદાકાર રહેશે અને બન્ને દેશોના વિદ્યાર્થીઓને શીખવામાં બહોળાઈ મળશે. પીકેએસબીઈ ખાતે શીખવાનો અનુભવ હમેશા પ્રેરણાદાયક રહે છે .કાર્લટોન યુનિવર્સિટી સાથે નુ જોડાણ તેને નવી ઉચાઈએ લઈ જશે. એપ્લાય કરવા માટે incubation@pksbe.com ની મુલાકાત લો અથવા ૯૬૧૯૭૪૯૪૭૦ ઉપર કોલ કરો.

## રિઝવાન સૂમારની ડીપી વર્લ્ડના નવા સીઈઓ અને પેટાવિભાગના મેનેજિંગ ડાયરેક્ટર તરીકે નિમણુક

ગ્લોબલ ટ્રેડ એનેબલર ડીપી વર્લ્ડએ ૧ જાન્યુઆરી ૨૦૧૮થી અમલી બનેલા રિઝવાન સૂમારને ભારતીય ઉપખંડના નવા સીઈઓ અને પેટાવિભાગના મેનેજિંગ ડાયરેક્ટર તરીકે નિયુક્ત કર્યા છે. દરિયાઈ અને લોજીસ્ટીક ઈન્ડસ્ટ્રીઝમાં બે દાયકાથી એપી મોલ્લેર માર્સ્ક ગ્રુપ માં શ્રી સૂમારે, ઈજિપ્તમાં ગૃપ લોજિસ્ટિક આર્મમાં મેનેજિંગ ડિરેક્ટર તરીકે અને માર્સ્ક લાઈન-ઈન્ડિયા અને શ્રીલંકાના વાઈસ પ્રેસિડેન્ટ તરીકે અને સ્વિઝરના ગ્લોબલ સીઓઓ તરીકે કામ કર્યુ છે.

રિઝવાન સૂમારે જણાવ્યું કે : " હું આ પદ માટે નિમણૂક થવા હજલ સન્માનિત છું, અને એક એવા વ્યવસાયનો ભાગ બનવા બદલ મને ખુશી છે, કે જે એક દાયકાથી વધુ સમય માટે ભારતના વધતા જતાં દરિયાઈ વેપાર ને આકાર આપવા માટે મહત્વની ભૂમિકા ભજવી છે. આ ક્ષેત્રમાં મોટા રૂપાંતરો થઈ રહ્યા છે અને હું આગળ આવેલ અસંખ્ય તકોને કારણે ઉત્સાહિત છું. અમારી ટીમના અનુભવ અને આવડતને જોતા મને એ વાતની ખાતરી છે કે, વૈશ્વિક રીતે, અમે વિસ્તારના વધતાં જતાં નિકાસ અને આયાત વેપારને અસરકારક સેવા આપવા માટે અને વિકાસ કરવા માટે મદદ કરીશું."

## ઈન્ફોસિસ સાઈન્સ ફાઉન્ડેશને છ પ્રેરણાપદ સંશોધકો અને વૈજ્ઞાનિકોની ઓળખ કરી



ઈન્ફોસિસ સાઈન્સ ફાઉન્ડેશન (આઈએસએફ) દ્વારા છ ક્ષેત્રોમાં ઈન્ફોસિસ પ્રાઈઝ ૨૦૧૭ના વિજેતાઓની ઘોષણા કરવામાં આવી. જેમાં ઈન્જીનિયરિંગ અને કમ્પ્યુટરવિજ્ઞાન, માનવતા, જીવ વિજ્ઞાન, ગણિત વિજ્ઞાન, ભૌતિક વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાન સામેલ છે. વિજેતાઓમાં માનવ મસ્તિષ્કનું માનચિત્ર બનાવવા માટે કમ્પ્યુટરોનો પ્રયોગ કરી રહેલા એક ન્યૂરો વૈજ્ઞાનિક, જૈવ પ્રણાલીઓનું અધ્યયન કરી રહેલા એક કમ્પ્યુટર વૈજ્ઞાનિક અને જીવિત કોશિકાઓનું અધ્યયન કરવા માટે ડીએનએ મશીન બનાવવામાં પ્રયાસરત એક રસાયણશાસ્ત્રી સામેલ છે. પ્રત્યેક શ્રેણીમાં આપવામાં આવેલા પુરસ્કારમાં ૬૫ લાખ રૂપિયા, એક ૨૨ કૈરેટ સોનાનું મેડલ અને પ્રશંસા પ્રમાણપત્ર સામેલ છે.

વિજેતાઓને જાણીતા વૈજ્ઞાનિકો અને પ્રોફેસરોના નિર્ણાયક મંડળ દ્વારા ૨૩૬ નામોમાંથી શૉર્ટલિસ્ટ કરવામાં આવ્યા હતા. જ્યૂરીમાં છ શ્રેણીઓના પ્રતિનિધિ છે. ઈન્જીનિયરિંગ અને કમ્પ્યુટર વિજ્ઞાન મો પ્રો. પ્રદીપ કે. ખોસલા (યુનિવર્સિટી ઑફ કૈલિફોર્નિયા, સાન ડિયાગો), માનવતા માટે પ્રો. અમર્ત્ય સેન (હૈવાડ યુનિવર્સિટી), જીવ વિજ્ઞાન માટે ડૉ. ઈન્દર વર્મા (સાક ઈન્સ્ટીટ્યૂટ ઑફ બાયોલોજિક સાઈન્સિઝ), ગણિત વિજ્ઞાન માટે પ્રો. શ્રીનિવાસ એસ આર વર્ધન (ન્યૂયોર્ક યુનિવર્સિટી), ભૌતિક વિજ્ઞાન માટે પ્રો. શ્રીનિવાસ કુલકર્ણી (કૈલીફોર્નિયા ઈન્સ્ટીટ્યૂટ ઑફ ટેકનોલોજી) અને સામાજિક વિજ્ઞાન માટે પ્રો. કૌશિક બાસુ (કોર્નેલ યુનિવર્સિટી અને પૂર્વ એસવીપી, વર્લ્ડ બેન્ક). છ વિજેતઓને તેમની પસંદગી વિશે સંરક્ષકો અને સંબંધિત જ્યૂરી સભ્યો દ્વાર ઘોષણાના કેટલાક સમય પહેલા ફોન કૉલના માધ્યમથી જાણકારી આપી. ઈન્ફોસિસ પ્રાઈઝ ૨૦૧૭ના વિજેતાઓને કેટલાક નામોથી ચૂંટવામાં આવ્યા હતા જે અમને વિભિન્ન વિશ્વવિદ્યાલયો અને સંસ્થાઓથી પ્રાપ્ત થયા હતા અને અમે જાણીતા જ્યૂરી સભ્યોનો આભાર વ્યક્ત કરીએ છીએ કે તેમણે સૌથી યોગ્ય લોકોનું મૂલ્યાંકન કરીને અને પસંદગી કરવા માટે સમય લીધો. ઈન્ફોસિસ પ્રાઈઝ માટે પુરસ્કાર સમાંરભ ૧૦મી જાન્યુઆરી ૨૦૧૮ એ બેંગ્લોરમાં આયોજીત કરવામાં આવશે.

## 'પ્રિમિયર સ્કુલ્સ એક્ઝિબિશન'માં ભારતની ટોપ લાઈન સ્કુલ્સ દર્શાવાશે




ફોટો : શાંતી શાહ

અમદાવાદ

આજની ઝડપથી બદલાતી દુનિયામાં કોઈપણ વર્ગના વાલીઓ કરિયર અંગેના પડકારો અને તેમની પારિવારિક જવાબદારીઓનો સામનો કરતા હોય છે અને તેમાં તેઓની સૌથી મોટી જવાબદારી તેમના બાળકો માટે ખર્ચની પરવા કર્યા વિના પણ યોગ્યતમ સ્કુલની પસંદગી કરવાની હોય છે. તેઓ સમયનો અભાવ અનુભવે છે અને તેથી યોગ્ય માહિતી તેમના બાળકના જીવન માટેના સૌથી મહત્ત્વપૂર્ણ નિર્ણય માટે મળતી નથી. દર વર્ષની જેમ પ્રિમિયર સ્કુલ્સ એક્ઝિબિશન દ્વારા ભારતની સૌથી ઉત્તમ ઈન્ટરનેશનલ સ્કુલ્સ અને બોર્ડિંગ સ્કુલ્સ પ્રાઈડ હોટેલ, અમદાવાદ ખાતે ૨ અને ૩ ડિસેમબરના રોજ સતત ૧૧ મા વર્ષે દર્શાવાશે. તમામ વાલીઓ કે જેઓ અમદાવાદમાં 'પ્રિમિયર સ્કુલ્સ એક્ઝિબિશન'ની મુલાકાત લેશે તેઓ સ્કુલ્સના વડા તથા તેમના પ્રતિનિધિઓ સાથે પ્રત્યક્ષ અને પારદર્શિતાથી વાતચીત કરી શકશે, તેઓ પોતાના કન્સેપ્ટ્સ અને આઈડિયાઝ સ્પષ્ટ કરશે, વિશ્વસનીય અને અપડેટ-ેડ માહિતી મેળવી શકશે અને 'સ્પોટ કાઉન્સેલિંગ' અને 'સ્પોટ એડમિશન્સ ઓફર્સ'નો લાભ લઈ શકશે. સ્કુલ્સ કે જે અહીં સામેલ થશે તેઓ તેમની શૈક્ષણિક ઉત્કૃષ્ટતા, પર્ફોર્મન્સ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સુવિધાઓ, અભ્યાસની પદ્ધતિ અને ફી માળખા વિશે વાલીઓને જાણકારી આપશે.

૨૦થી વધુ નોંધપાત્ર સ્કુલ્સ અમદાવાદ, મહેસાણા, દહેરાદૂન, દિલ્હી એનસીઆર, બેંગલોર, મસુરી, મુંબઈ, લોનાવાલા, ઉદયપુર, ખંડાલા અને ભારતના અન્ય ભાગોમાંથી સામેલ થઈ છે. 'પ્રિમિયર સ્કુલ્સ એક્ઝિબિશન' ખાતે સામેલ થનારી સ્કુલ્સ બોર્ડિંગ સુવિધાઓ ધરાવે છે અને આંતરરાષ્ટ્રીય અભ્યાસક્રમ ઓફર કરે છે.વેબ બ્રાઉઝર્સ અને સર્ચ એન્જિન્સના યુગમાં, માહિતી માટે દરેક વ્યક્તિગત સર્ચ યોગ્ય હોતું નથી અથવા તો જે માહિતી મળે છે તે પણ હંમેશા વિશ્વસનીય હોતી નથી. દરેક વ્યક્તિ વન સ્ટોપ શોપ ઈચ્છે છે.

## ધ વોઈસ ઈન્ડિયા કિડ્સ પર ન્યૂ જર્સીના ૧૦ વર્ષના છોકરાએ શાનને મૂલ્યવાન બોધ આપ્યો



&TV ધ વોઈસ ઈન્ડિયા કિડ્સની બીજી સીઝન સાથે વીકએન્ડ્સમાં નવો પ્રાણ ફૂંકવા માટે સુસજ્જ છે, જે દર્શકોને સંગીત પ્રવાસે લઈ જશે. બાળકો તેમના સૂરીલા સૂર સાથે દરેકનાં મન જીતવા સાથે તેમની અસલ પ્રેરણાત્મક વારતાઓ અને માન્યતાઓ સાથે પણ સ્પર્શ કરશે. સીઝનના સૌપ્રથમ એપિસોડમાં ન્યૂ જર્સીના સ્પર્ધકે ભારતીય સંસ્કૃતિ પ્રત્યે મજબૂત માન્યતા અને આદર સાથે કોચને પણ ચકિત કરી દીધા હતા.ન્યૂ જર્સીમાં જન્મ અને ઊછરેલો ઈશાન ભારતીય શાસ્ત્રીય સંગીતમાં તાલીમબદ્ધ છે. તેની ગાયકી સાતે તેનાં મૂલ્યો અને ભારતીય પરંપરામાં ઊંડાણે કોચને આશ્ચર્યમાં ગરકાવ કરી દીધા હતા. ઈશાને પોતાના જનોઈ સમારંભ વિશે પણ વાત કરી હતી, જેનાથી શાન સૌથી વધુ પ્રભાવિત થયો હતો.ખરેખર આ બોધ ઉત્તમ છે!

## 'ધી હીરો કેમ્પસ ચેલેન્જ'માં એન્જિનિયરિંગ કોલેજ અને બિઝનેસ મેનેજમેન્ટના ૯૦૦૦થી વધારે વિદ્યાર્થીઓએ ભાગ લીધો



નવી દિલ્હી

મુંબઈની ધી નર્સી મોન્જી ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝ (NMIMS) ઘણી જ પોપ્યુલર 'ધી હીરો કેમ્પસ ચેલેન્જ' (THCC) માં વિજેતા તરીકે ઊભરી આવી છે અને તેણે રૂ.૨ લાખનું રોકડ ઈનામ જીતવાની સાથે વિશ્વની સૌથી મોટી ટુ-વ્હિલર મેન્યુફેક્ચર હીરો મોટોકોર્પ તરફથી પ્રી-પ્લેસમેન્ટ ઈન્ટરવ્યૂહ ઓફર પણ થશે. એનએમઆઈએમએસની ટીમે કોમ્પિટિશનના ફાઈનલ રાઉન્ડમાં સખત મહેનત બાદ આ ટ્રોફી જીતી છે. આ કોમ્પિટિશનમાં દેશની એન્જિનિયરિંગ ઈન્સ્ટિટ્યૂટ અને બિઝનેસ સ્કુલ્સના ૯૦૦૦થી વધારે વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. અમદાવાદની મુદ્રા ઈન્સ્ટિટ્યુટ ઓફ કોમ્યુનિકેશન્સ (માઈકા)ની ટીમ સેકન્ડ વિનર અને ભૂવનેશ્વરની ઝેવિયર ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટની ટીમને સેકન્ડ રનર-અપ જાહેર કરાઈ હતી. રનર-અપ્સને પણ પીપીઆઈએસ આપવામાં આવશે. વિશ્વની સૌથી મોટી ટુ-વ્હિલર મેન્યુફેક્ચર કંપની હીરો મોટોકોર્પ લિમિટેડે દેશના ભાવી બિઝનેસ લિડર્સને તૈયાર કરવાના ઊદ્દેશ્યને જાળવી રાખતા પોપ્યુલર 'ધી હીરો કેમ્પસ ચેલેન્જ' (THCC)નું આયોજન કર્યું હતું.

વર્ષ ૨૦૧૫માં શરૂ કાયેલી 'ધી હિરો કેમ્પસ ચેલેન્જ' એ કેમ્પસ-કેન્દ્રિત, બિઝનેસ સોલ્યુશન ઓરિએન્ટેડ કોમ્પિટિશન છે, જે દેશની અગ્રણી મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ અને એન્જિનિયરિંગ સ્કુલો વચ્ચે યોજાય છે. THCCનો ઉદ્દેશ્ય વ્યાવસાયિક દુરંદેશી દ્રષ્ટિ ધરાવતા વિદ્યાર્થીઓ તૈયાર કરવાનું છે. તેમને પોતાના થિયરિટિકલ નોલેજને રજૂ કરવાની તક ઉપબલ્ધ કરાય છે. સ્પર્ધકોને વૈશ્વિક ઔદ્યોગિક પરિદ્રશ્યના વાસ્તિવક જીવનની શ્રૈણી અને સમસ્યાઓને ઉકેલવાની તક આપવામાં આવે છે અને સમસ્યાઓના નવીન અને વ્યવહારું ઉકેલો પુરાં પાડવા જરૂર છે.

## ઝી ટીવી પોતાના વીકએન્ડ પ્રાઈમ ટાઈમમાં એક ડીટેકટીવ ડ્રામાનો ઉમેરો કરે છે



તેણી અણનમ છે ફોલાદી નિર્ભીક કહીલા છે જેના કૌતુહલ અને ઝીણી વિગતોમાં ખુબ જ ધ્યાન આપવાને ઘણાં રહસ્યો ઉકેલ્યા છે હૈયાથી સ્ત્રી સહજ તેણી વિશાઈ ખરાઈ દુનિયાને થથરાવે છે અને અપરાધીઓને એટલી જ કુશળતાપુર્વક સામે લાવે છે જેટલી કુશળતા પૂર્વક તેણી પોતાના ઘરગથ્થુ કાર્યો કરે અને પોતાના પરીવારની કાળજી લે છે તેવી ડીટેકટીવ દીદી છે. ઝી ટીવી એક નવા નકોર જાસુસી ડ્રામા ડીટેકટીવ દીદી લોંચ કરે છે જે આધુનીક ભારતીય મહીલાના સ્થિતી સ્થાપક અને પ્રગતીશીલ બળને ઝડપી પાડે છે તથા દર્શકોને તેણીની મહત્વાકાંક્ષાઓમાં એક મેળ ખાતી ઝલક પુરી પાડે છે. ડીટેકટીવ દીદી એક એવી કહાણી છે જે એક બળવાન મહીલા જાસુસ બન્ટી શર્માના જીવનની આસપાસ ઘુમે છે, જે પોતાના સાથી સ્પેશ્યલ એજન્ટ ભીમ સીંઘ ભુલ્લર સાથે મળી દિલ્હીમાં અપરાધો સાથે લડવા મથે છે. પુરૂષ પ્રધાન દુનિયામાં પોતાની છાપ છોડવા, બંટી ચીલાચાલુને તોતી જ નથી પણ યુવાન છોકરીઓને પોતાની ઘેલછા તથા શમણાં પુરા કરવા પ્રોત્સાહન પણ આપે છે ભલે પછી તેઓની વ્યવસાય કરવાની પસંદગીઓ બિનપરંપરાગત હોય.

ભારતના પાટનગર દિલ્હીની પાશ્ચાદભૂ સામે ગોઠવાયેલ ડીટે. દીદી શહેરના સૌથીવધુ ગુંચવનારા મામલાઓમાં તપાસ કરવાની ભીમ અને બંટીની મુસાફરીનું પગેરૂં કાઢે છે જ્યાં તેઓને સમજાય છે કે તેઓ એકબીજાની વગર આ કાર્ય કરી શકે તેમ નથી.ભલે પછી પોતાની વિચારસરણીઓ, પદ્ધતીઓ અને પ્રકૃતીઓ ગમે તેટલી અલગ કેમ ન હોય ? તેઓના પ્રોફેશનલ અસાઈનમેન્ટસની મધ્યમાં આ જોડી મસ્તી ભરી અને હળવા ચાબખા મારનાર પળોને માણતી પણ જોવા મળશે. જોતા રહો ૯ મી ડીસે.ના રોજ ઝી ટીવી પર પ્રીમીયર કરશે.

## વીઆઈપી ઈન્ડસ્ટ્રીઝે '૫૦-૫૦' અભિયાન લોન્ચ કર્યું




વીઆઈપીનું સૌથી વધારે લોકપ્રિય જિંગલ 'કલ ભી, આજ ભી, કલ ભી વીઆઈપી' એક વાર ફરીથી પાછું આવી ગયું છે. લગેજ ઉદ્યોગમાં વર્ચસ્વ અને વર્ષ ૧૯૭૧થી યાત્રામાં પર્યાય બનેલા વીઆઈપી ઈન્ડસ્ટ્રીઝે ભારતમાં પોતાના ૫૦ વર્ષ પુરા કરવાના અવસર પર એક નવું વિજ્ઞાપન લોન્ચ કર્યું છે.આ નવું વિજ્ઞાપન સુપર સ્ટાર રુત્વિક રોશન પર દર્શાવામાં આવ્યું છે અને આ વીઆઈપીને પેઢીઓ માટે ભારતનું સર્વશ્રેષ્ઠ યાત્રા માટે ભાગીદાર બતાવવામાં આવ્યું છે. આ વિશેષ વર્ષની ઉજવણી કરવા માટે બ્રાન્ડે ૫૦-૫૦ અભિયાન લોન્ચ કર્યું છે. જેમાં વીઆઈપી ઈન્ડસ્ટ્રીઝ વીઆઈપી, એરિસ્ટ્રોક્રેટ, કાર્લટન અને સ્કાયબૈગ્સ જેવા ઉત્પાદનો પર ૫૦ ટકાની છૂટ આપી રહ્યું છે. "વીઆઈપી ઈન્ડસ્ટ્રીઝમાં આ વર્ષ અમારા માટે અત્યંત રોમાંચક રહ્યું હતું કેમકે અમે લગેજ ઉદ્યોગમાં ૫૦ વર્ષ પુરા કર્યાં છે. આ બ્રાન્ડથી ચાલુ કરીને કેટલીક બ્રાન્ડ્સમાં વિવિધતાપૂર્ણ ઉત્પાદન કરવાવાળી વીઆઈપી ઈન્ડસ્ટ્રીઝે એક લાંબી યાત્રા કરી છે. અમારા ગ્રાહકોથી મળેલા પ્રેમ અને સહયોગ માટે તેમનો આભાર માનીએ છીએ. એટલા માટે અમે અનેક શૃખંલાઓ પર ૫૦ ટકાની છૂટ આપી રહ્યા છીએ.અમે વિશ્વસ્તરીય ઉત્પાદકોના ઉત્પાદન ચાલુ રાખીશું અને ભવિષ્યમાં વિશ્વના લાખો લોકોને યાત્રા માટે સરળ અને સુલભ બનાવવા માટે વિભિન્ન ઉત્પાદન પ્રસ્તુત કરીશું. અમે ૫૦ વર્ષ પુરા કર્યા છે. અને અમે આગળના ૫૦ વર્ષ પુરા કરવા માટે તૈયાર છીએ."

## હું નરેન્દ્ર, મોદી બનવા માંગુ છું

ફોટો : શાંતી શાહ




"હું નરેન્દ્ર, મોદી બનવા માંગુ છું " એ એક કિશોર વયના બાળકની ગુજરાતી ફિલ્મ છે, જે કિશોરના રોલ મોડેલ છે વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેનું સપનું છે કે મોટા થઈને નરેન્દ્ર મોદી અને સરદાર વલ્લભ ભાઈ પટેલ જેવા બનવું. આ એક પ્રેરણાદાયી અને મોટીવેટ કરતી ફિલ્મ છે જેમાં વાર્તા છે એક નાના ચ્હા વેચતા છોકરાની અને તેના જીવનમાં રહેલી નકારાત્મકતા અને પડકારો સામે લડીને જુસ્સાભેર તેના ધ્યેયને હાંસલ કરવાની઼ આ એક ચિલ્ડ્રન ફિલ્મ છે જે આપણા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના બાળપણથી પ્રેરિત છે. આ સંપૂર્ણ સામાજિક ફિલ્મ હોવાની સાથે-સાથે એક બાળકના સંઘર્ષ અને તેના સ્વપ્રને પૂરું કરવાની જર્ની પણ કથામાં આવરી લેવામાં આવી છે. આ ફિલ્મ માનવજાત અને સંઘર્ષની ખૂબ જ હકારાત્મક વાર્તા છે. મોદી- ધ ફિલ્મ બે ભાગમા બનાવવામાં આવશે.

## આઈપીઓ ૬ ડિસેમ્બર, ૨૦૧૭★ને બુધવારે ખુલશે અને ૮ ડિસેમ્બર, ૨૦૧૭ને શુક્રવારે બંધ થશે



અમદાવાદ

ફ્યુચર સપ્લાય ચેઈન સોલ્યુશન્સ લિમિટેડ ("કંપની")એ ૬ ડિસેમ્બર, ૨૦૧૭ને બુધવારે પ્રીમિયમ પર કેશ માટે રૂ. ૧૦ની ફેસ વેલ્યુ ધરાવતા ૯,૭૮૪,૫૭૦ ઈક્વિટી શેર ("ઈક્વિટી શેર")નો આઈપીઓ લાવવાની દરખાસ્ત કરી છે, જે મારફતે ગ્રિફિન પાર્ટનર્સ લિમિટેડ ("ઈન્વેસ્ટર સેલિંગ શેરહોલ્ડર") દ્વારા ૭,૮૨૭,૬૫૬ અને કંપનીનાં પ્રમોટર ફ્યુચર એન્ટરપ્રાઈઝીસ લિમિટેડ ("પ્રમોટર સેલિંગ શેરહોલ્ડર", સંયુક્તપણે ઈન્વેસ્ટર સેલિંગ શેરહોલ્ડર, સેલિંગ શેરહોલ્ડર્સ") દ્વારા ૧,૯૫૬,૯૧૪ ઈક્વિટી શેરનાં વેચાણની ઓફર (ઓએફએસ) સામેલ છે. ઓફર ૮ ડિસેમ્બર, ૨૦૧૭ને શુક્રવારે બંધ થશે. ઓફર પોસ્ટ-ઓફર પેઈડ-અપ ઈક્વિટી શેર કેપિટલનો ૨૪.૪૩ ટકા હિસ્સો ધરાવશે. એન્કર ઈન્વેસ્ટર બિડ/ઈશ્યૂનો ગાળો બિડ/ઈશ્યૂ ખુલવાની તારીખનાં એક ચાલુ દિવસ એટલે કે ૫ ડિસેમ્બર, ૨૦૧૭ રહેશે. ઓફરની પ્રાઈઝ બેન્ડ ઈક્વિટી શેરદીઠ રૂ. ૬૬૦થી રૂ. ૬૬૪ નક્કી કરવામાં આવી છે.બિડ લઘુતમ ૨૨ ઈક્વિટી શેર અને પછી ૨૨ ઈક્વિટી શેરનાં ગુણાંકમાં થઈ શકશે.૨૭ નવેમ્બર, ૨૦૧૭નાં રેડ હેરિંગ પ્રોસ્પેક્ટ્સ ("આરએચપી") મારફતે ઓફર થયેલા ઈક્વિટી શેર બીએસઈ લિમિટેડ ("બીએસઈ") અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ ("એનએસઈ") પર લિસ્ટિંગ થશે.

CMYK

# સિને-સરિતા

મનોરંજનનો રસ થાળ ભાટે છે

ફિલ્મો અને ટીવી જગતના નવીનતમ નજરાણાં...

# મલાઈકા હમેંશા પરિવારના હિસ્સા તરીકે છે : અરબાજ



છેલ્લા કેટલાક સમયથી પોતાની પત્નિ મલાઈકા અરોડા ખાન સાથે તલાકના સમાચારના કારણે ચર્ચામાં રહેલા અરબાજ ખાન હવે પોતાની નવી ફિલ્મ તેરા ઈન્તજારને લઈને ચર્ચામાં છે. અરબાજે હાલમાં એક ઈન્ટરવ્યુમાં કહ્યુ હતુ કે મલાઈકા અરોરા ખાન તેમના પરિવારના હિસ્સા તરીકે પહેલા પણ હતી અને હજુ પણ રહેશે. તેનુ કહેવુ છે કે મલાઈકા પરિવારના હિસ્સા તરીકે છે. પોતે એક નિર્માતા તરીકે છે ત્યારે સંજય લીલાની ફિલ્મ અંગે શુ કહેવા માંગો છો તે અંગે પુછવામાં આવતા અરબાજે ફિલ્મ પદ્માવતિને લઈને વાત કરી હતી.

અનુસંધાન પાના નં.૬ ઉપર



# કડવી હવા



**નવી ફિલ્મ**

આ ફિલ્મનું દિગ્દર્શન નિલા માધબ પાંડા, નિર્માતા મનીષ મુંદ્રા, અક્ષાયકુમાર, પરિજા, નિલા માધબ પાન્ડા, કલાકારોમાં સંજય મિશ્રા, રનવીર શૌરી, તિલોત્તમા શૌમ.

ફિલ્મની વાર્તા ક્લાઈમેટ ચેંજ એટલે કે વૈશ્વિક હવામાન પરિવર્તન ઉપર છે. હવામાન જે રીતે બગડી રહ્યું છે તેને કારણે એક સમયે ચારે દિશામાંથી આવતી હોવાઓ વિવીધ સુગંધ લઈને આવતી હતી એ હવે કોરીધાકોર અને કડવી બની ગઈ છે. ન વરસાદ આવે છે, ન વસંત આવે છે, નાંખી નજર પહોંચે ત્યાં સુધી ધુળ ધુળ અને ધુળ જ હોય તો માણસોનું શું થાય ? ગામમાં રહેનારાઓની કેવી અવદશા થાય એ આ ફિલ્મ દર્શાવે છે. એક દ્રશ્યમાં સ્કૂલના શિક્ષક ઋતુઓના નામ પુછે અને વિદ્યાર્થી કહે, શિયાળો અને ઉનાળો, શિક્ષક કહે ચોમાસાનું શું થયુ`ં તો વિદ્યાર્થી કહે, આખા વર્ષમાં બે ત્રણ દિવસ વરસાદ આવે એને ઋતુ કહેવાય.

બુંદેલખંડ વિસ્તારમાં દુષ્કાળ પડયો. એ વખતની ઘટનાઓ, ઉડીસા, ચંબલના કિનારાના ગામો પાણીમાં તણાઈ ધોવાઈ જવાની ઘટનાઓ અને ધોલપુર રાજસ્થાનમાં પાણીના અભાવે સુકાઈ મરતા ગામોની સત્ય ઘટનાઓ પર આધારીત આ ફિલ્મને આ વર્ષના નેશનલ ફિલ્મ્સ એવોર્ડ ફંકશનમાં ખાસ ઉલ્લેખ કરી સન્માન આપવામાં આવ્યું હતું. એ રીતે ફિલ્મ ખુબ જ અસરકારક છે પરંતુ મનોરંજનના ચાહકોને કદાચ આ ફિલ્મ ન પણ ગમે, અત્યારે માનવજાત બેફામ બનીને જે રીતે હવા, પાણી અને ધરતીનું નિકંદન કાઢી રહી છે એનું પરિણામ કેવું કરૂણ હશે એનું સચોટ ચિત્રણ કરતી આ ફિલ્મ એક વખત જરૂર જોવા જેવી છે.

# હિંદી ફિલ્મ જગતમાં સફળ ધુનોની રચયિતા જોડી : લક્ષ્મીકાંત પ્યારેલાલ

**ફિલ્મી સિતારા**-કમલેશ કંસારા

શંકર જયકિશનની જેમ લક્ષ્મીકાંત પ્યારેલાલની જોડી અત્યંત સફળ સંગીત નિર્દેશક રહી હતી. એનું કારણ એક માત્ર કદાચ એ હતું કે, બંનેની અલગ અલગ પૃષ્ઠભૂમિ હતી. લક્ષ્મીકાંત ફુલાદલકર મુંબઈથી થયા હતા. જ્યારે પ્યારેલાલ રામપ્રસાદ શર્મા ઉત્તરી ભારતમાંથી આવ્યા હતા. બંને પહેલા નૌશાદ, કલ્યાણજી-આણંદજી અને અન્ય સંગીતકારોની સાથે એમના સહાયકના રૂપમાં કાર્ય કરતા હતા.



જોકે લક્ષ્મીકાંત મહારાષ્ટ્રમાંથી હતા એટલે એમને મરાઠી લોકગીતોમાં વપરાતા ઢોલકના વિશે વિશેષતા હાંસલ કરી હતી અને તેઓએ એમની સંગીત રચનાઓમાં એનો બહેતરીન પ્રયોગ પણ કર્યો હતો. જોકે બંનેને પોતાની સફળતાના શિખરે પહોંચવાને માટે ઘણો જ સંઘર્ષ કરવો પડેલો. કારણ કે બંનેને આગળ લાવનાર કોઈ 'ગોડફાધર' નહોતો. એમણે પોતાની કેરીયરની શરૂઆત 'બી ગ્રેડ' નામની ફિલ્મોમાં સંગીત આપને કરવી પડી હતી. એમાંની કેટલીક તો પ્રદર્શિત પણ નહોતી થઈ.

૩૭ વરસો સુધી પ્રેક્ષકોને દિવાના બનાવી રાખનાર આ સંગીતની જોડીએ ૫૦૦ થી વધુ ફિલ્મોમાં ગણાય નહીં તેવું સુપરહીટ ગીતોમાં સંગીત પીરસ્યું છે.

૧૯૪૦ માં ઉત્તરપ્રદેશના ગોરખપુરમાં જન્મેલા પ્યારેલાલનું બાળપણ ઘણું જ સંઘર્ષમય રહ્યું હતું. એમની માતાનું અવસાન જ્યારે તેઓ નાના હતા ત્યારે જ થયું હતું. એમના પિતા રામપ્રસાદજી ટ્રમ્પેટ વગાડતા હતા અને તેઓ એવું ઈચ્છતા હતા કે પ્યારેલાલ વાયોલીન શીખે. એમના બધા જ ભાઈઓ મ્યુઝિક કંમ્પોઝર અને એરેન્જર હતા. સંગીત એમના લોહી સાથે જોડાયેલું હતું અને તેઓ સંગીતની ધુનોને નાની અલ્પાયુમાં જ સમજવા લાગ્યા તા. એમના પિતાની આર્થિક હાલત સારી નહોતી. તેઓ ઘર ઘર જતા હતા અને તક મળે ત્યારે તેમને વગાડવા મળતું હતુંઅને સાથે પોતાના પુત્ર પ્યારેને પણ લઈ જતા હતા. પ્યારેનો માસુમ ચહેરો લોકોને આકર્ષીત કરતો હતો. એક દિવસ પંડિતજીએ લતા મંગેશકરના ઘેર લઈ ગયા. લતાજી પ્યારેના વાયોલીન વાદનથી એટલી બધી ખુશ થઈ ગઈ કે એમણે પ્યારેલાલને ૫૦૦ રૂ.ઈનામ આપ્યું જેએ જમાનામાં ઘણી જ મોટી રકમ કહેવાતી હતી. તેઓ કલાકો સુધી વાયોલીનનું રીયાજ કરતા હતા. પોતાની મહેનતના જોર પર એમને મુંબઈની 'રણજીત સ્ટુડીયો' માં ઓરેકસ્ટ્રામાં નોકરી મળી ગઈ.જ્યાં એમને માસીક ૮૫ રૂ.નો પગાર મળતો હતો. હવે તેમના પરિવારનું પોષણ આ રૂપિયામાંથી થતું હતું. એમણે એક રાત્રિશાળાના સાતમા ધોરણમાં ભણવાને માટે દાખલ થયા પરંતુ માસિક રૂપિયા ઋણની ફી ભરવા તેઓ અસમર્થ બનતા અભ્યાસ છોડી દીધો.

લક્ષ્મીકાંત પ્યારેલાલની જોડીએ મુંબઈમાં કલ્યાણજી-આણંદજી, શંકર-જયકિશન, ખૈયામ, એસ.ડી.બર્મન અને આર.ડી.બર્મન સાથે કાર્ય કર્યું હતું. એમને પહેલો બ્રેક સંગીત નિર્દેશક તરીકે ફિલ્મ 'પારસમણી' માં મળ્યો હતો. લક્ષ્મીકાંત પ્યારેલાલની પ્રથમ ફિલ્મ 'પારસમણી'અને આ જોડીને સ્થાપીત કરવાવાળી ફિલ્મ 'દોસ્તી' હતી.

એમની બનાવેલી ધુનો ખુબ જ કામયાબ અને સફળ રહી હતી. એમને સંગીતમાં સફળતા મળતાં ફિલ્મી દુનિયામાં જોડી જામી ગઈ અને ત્યાર પછી તેઓ લગાતાર સફળતાની કેડી પર આગળ વધતા ગયા.આ જોડીએ શોમેન રાજકપુરથી માંડીને મનમોહન દેસાઈ, ઓમપ્રકાશ, મનોજકુમાર, રાજ ખોસલા, યશજૌહર, સુભાષ ઘાઈ, અનુસંધાન પાના નં.૬ ઉપર




**ન્યુઝ સ્ટ્રીપ્સ**

★તાજેતરમાં હાસીલ ધારાવાહીક દ્વારા ટચુકડા પડદે પુનરાગમન કરનાર અભિનેત્રી શીબા આકાશદીપ આ ધારાવાહીકમાં નીતા અંબાણીની નકલ કરી રહી છે. કહેવાનો અર્થ એ છે કે શીબા આ સીરીયલમાં ઔદ્યોગિક સામ્રાજય ચલાવતી 'સારિકા રાયચંદ' નો રોલ અદા કરી રહી છે. હવે આટલુ શક્તિશાળી અને પ્રભાવી પાત્ર ભજવવા માટે તેને નીતા અંબાણી કરતાં વધુ સારી પ્રેરણા કોની પાસેથી મળી શકે ? તેથી શીબાએ પોતાની બોડી લેંગ્વેજની પ્રેરણા નીતા અંબાણી પાસેથી લીધી છે.અત્રે ઉલ્લેખનીય છે કે તે તેમાં ઝાયેદ ખાન અને વત્સલ શેઠની માતા બની છે.

★તાજેતરમાં શરૂ થયેલી સીરીયલ ઈકયાવનનું ઘણું શુટીંગ અમદાવાદમાં થયું છે. આ સીરીયલમાં પારેખ પરિવારના એકાવનમાં સંતાન સુશીલની કહાણી રજુ કરવામાં આવી છે. તેનો ઉછેર તેના પિતા, દાદા, કાકા અને મામા કરે છે. સુશીલના પિતાની ભૂમિકા ભજવતા પ્રિયાંક ટટરીયાએ કહ્યું હતું કે, અમદાવાદમાં ચાલી રહેલા શુટીંગ વખતે નવરાશના સમયમાં અમે આ બધા શહેર જોવા અને ખરીદી કરવાનીકળી પડતા પરંતુ મારા સિવાય કોઈને ગુજરાતી આવડતું ન હતું તેથી બધા સહજ મુંઝાતા.જોકે એક ગુજરાતી હોવાના નાતે હું સીરીયલના કલાકાર,કસબીઓ માટે દુભાષિયાનું કામ કરતો. દુકાનદારો તેમજ કલાકાર-કસબીઓને એકમેકની વાત સમજાવતો. આમાં અમને બધાને ખુબ જ મોજ પડી હતી.

★ટુંક સમયમાં ટીવી પર આવનારા એક રીયાલીટી શોમાં કરણ જોહર અને રોહીત શેટ્ટી નિર્ણાયકની ભૂમિકા અદા કરશે. ઈન્ડીયાઝ નેકસ્ટ સુપરસ્ટાર્સ નામના આ શોમાં બે પ્રતિભાસંપન્ન કલાકારોને ચૂંટી કાઢવામાં આવશે. જેમાં એક યુવક અને યુવતીનો સમાવેશ કરવામાં આવશે.

કહેવાની જરૂર નથી કરણે અગાઉ પણ ઘણાં રીયાલીટી શોમાં નિર્ણાયકની ભૂમિકા ભજવી છે. જયારે રોહીત શેટ્ટીએ રીયાલીટી શોનું સંચાલન કર્યું છે. અગાઉ આ શોનું નામ ટીકીટ ટુ બોલીવુડ રાખવામાં આવ્યું હતું પણ હવે તે બદલી નાખવામાં આવ્યું છે. સૂત્રોએ જણાવ્યું હતું કે, બંને નિર્ણાયકોએ આ નામ નક્કી કરવાથી લઈને પ્રત્યેક બાબતમાં સક્રિય ભૂમિકા ભજવી હતી.

# સુષ્મિતા અને રિતિક ભાસીન વચ્ચે હવે બ્રેક અપ : અહેવાલ



મીસ યુનિવર્સનો તાજ જીતીને ભારતનુ નામ રોશન કરી ચુકેલી અને ખુબસુરત અભિનેત્રી સુષ્મિતા સેન લાંબા સમયથી બોલિવુડ ફિલ્મોથી દુર રહી છે. એમ કહેવામાં આવી રહ્યુ છે કે સુષ્મિતા સેન હાલમાં બાળકોની સાવચણીમાં વ્યસ્ત બનેલી છે. સુષ્મિતા પોતાના બન્ને બાળકોને દત્તક લીધા હતા. હવે હેવાલ આવી રહ્યા છે કે સુષ્મિતા સેનના તેમના બોયફ્રેન્ડ રિતિક ભાસીન સાથે બ્રેક અપ થઈ ગયા છે. ભાસીન સાથે તે છેલ્લા ચાર વર્ષથી રિલેશનમાં હતી. મિડિયા રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે સુષ્મિતા અને રિતિકના કેટલાક મિત્રોએ આ અંગેનનો ખુલાસો કર્યો છે. મિત્રોનુ કહેવુ છે કે છેલ્લા છ મહિનાથી બન્ને સાથે નથી. જો કે આ ગાળા દરમિયાન બન્ને મિત્રોની જેમ કેટલીક પાર્ટી અને કાર્યક્રમમાં નજરે પડ્યા છે. આ ઉપરાંત સોશિયલ ઈવેન્ટમા ંપણ નજરે પડ્યા છે. અત્રે નોંધનીય છે કે રિતિક ભાસીન કેટલીક નાઈટ ક્લબના માલિક છે. એમ કહેવામાં આવે છે કે અમેરિકા અને ભારતમાં પોતાના અભ્યાસને પૂર્ણ કરનાર ભાસીન ખુબ મોટા કારોબારી છે. અર્જુન કપુર અને અભિષેક બચ્ચનની સાથે તેમની સારી મિત્રતા છે. સુષ્મિતા સેને બોલિવુડમાં પ્રવેશ કર્યા બાદ તમામ મોટા સ્ટાર સાથે ભૂમિકા કરી હતી. જેમાં શાહરૂખ ખાન અને સલમાન ખાન સાથે તો તે એકથી વધારે ફિલ્મ કરી ચુકી છે. તમામ હિટ ફિલ્મોમાં તે કામ કરી ચુકી છે. બોલિવુડમાંથી લાંબા સમય સુધી દુર રહ્યા બાદ તેના લાખો ચાહકો હજુ પણ તેની ફિલ્મની રાહ જોઈ રહ્યા છે. સુષ્મિતા ફરી બોલિવુડ ફિલ્મની ઈનિંગ્સ રમશે કે કેમ તે બાબત હજુ સ્પષ્ટ થઈ નથી. સુષ્મિતા હવે ફિલ્મ નિર્માણ પણ કરી શકે છે

**બીહાઈન્ડ ધ સ્ક્રીન**

# પ્રભાસ અને શ્રદ્ધા કપુરની સાહોમાં અનેક કલાકારો





**ઓન ધ સ્ક્રીન**

શ્રદ્ધા કપુર અને બાહુબલી ફિલ્મના અભિનેતા પ્રભાસની જોડી હવે નવી ફિલ્મમાં જોવા મળનાર છે તેવા હેવાલ આવ્યા બાદ ચાહકોમાં ઉત્સુકતા વધી ગઈ છે. ફિલ્મના અન્ય કલાકારો સાથે વાતચીત ચાલી રહી છે. આ ફિલ્મ ત્રણ ભાષામાં બનનાર છે. જેથી ઉત્સુકતા વધી ગઈછે. હવે મળેલી માહિતી મુજબ ફિલ્મમાં અનેક હિન્દી ફિલ્મોના ટોપ સ્ટાર કામ કરવા જઈ રહ્યા છે. જેમાં જેકી શ્રોફ, ચંકી પાન્ડે અને મહેશ માંજરેકર કામ કરી રહ્યા છે. ટીનુ આનંદ પણ કામ કરી રહ્યા છે. ફિલ્મમાં વિજય કુમારના પુત્ર અને પ્લે બેક સિંગર અરૂણ વિજય પણ કામ કરનાર છે. ફિલ્મમાં મલયાલમ સ્ટાર મિસ્ટર લાલ પણ કામ કરી રહ્યો છે. ઉપરાંત નીલ નિતિન મુકેશની પણ ભૂમિકા છે. પ્રભાસ અભિનિત ફિલ્મ માટે શુટિંગ શરૂ કરી દેવામાં આવ્યુ છે. આફિલ્મ હાઈટેક એક્શન ડ્રામાં ફિલ્મ છે. ફિલ્મ હિન્દી, તમિળ અને તેલુગુ ભાષામાં બની રહી છે. ફિલ્મમાં હાઈટેક એક્શન સીન રાખવામાં આવ્યા છે. ફિલ્મની પટકથા સુજીતે લખી છે. નિર્દેશનની જવાબદારી પણ તે પોતે અદા કરી રહ્યા છે. આ ફિલ્મ આગામીવર્ષે રજૂ કરવામાં આવે તેવી શક્યતા છે.

દેશભરમાંબાહુબલી નામથી પ્રભાસ વધારે ઓળખાય છે. તે ફિલ્મ જગતના સૌથી મોટા સ્ટાર તરીકે ઉભરી ચુક્યો છે.શ્રદ્ધા કપુરને પણ મોટી ફિલ્મ હાથ લાગી ગઈ છે. આ ફિલ્મ બાદ શ્રદ્ધાની કેરિયરમાં નવા પ્રાણ ફુંકાઈ શકે છે. શ્રદ્ધા કપુરને સતત સારી ફિલ્મોમળી રહી છે પરંતુ તેની ફિલ્મો ફલોપ સાબિત થઈ રહી છે. આવી સ્થિતીમાં પ્રભાસ સાથેની સાહો ફિલ્મને લઈને તે આશાવાદી છે.

# અબ્બાસ મસ્તાનની ફિલ્મમાં કામ કરવા અક્ષય તૈયાર



**સીને**

બોલિવુડ સુપરસ્ટાર અક્ષય કુમાર ૧૩ વર્ષ બાદ ફરી એકવાર ખિલાડી ફિલ્મની નિર્દેશક જોડી અબ્બાસ અને મસ્તાન સાથે કામ કરવા માટે તૈયાર થયો છે. આ અંગે અક્ષય કુમારે તૈયારી દર્શાવી છે. હિટ જોડીની સાથે કામ કરવાને લઈને બન્ને આશાવાદી છે. એવા હેવાલ આવી રહ્યા છે કે કેટલાક પ્રોજેક્ટમાં વ્યસ્ત રહેલા અક્ષય કુમારે અબ્બાસ મસ્તાનના નિર્દેશનમાં બનનાર ફિલ્મમાં કામ કરવા તૈયાર થઈ ગઈ છે. અબ્બાસ મસ્તાન સસ્પેન્સ થ્રીલર ફિલ્મ બનાવવા માટે જાણીતા રહ્યા છે. અબ્બાસ મસ્તાનના નિર્દેશનમાં બનેલી એતરાજ ફિલ્મમાં તે છેલ્લે અક્ષય કુમાર જોવા મળ્યો હતો. મિડિયા હેવાલમાં કહેવામાં આવ્યુ છે કે સ્ક્રીપ્ટ અક્ષય કુમાર વાંચી ચુક્યો છે. તેને પટકથા ખુબ પસંદ પડી છે. ફિલ્મમા ૧૨ પાત્રો રાખવામાં આવ્યા છે. એવી આશા છે કે આ ફિલ્મને લોકો ખુબ પસંદ કરનાર છે. આને શુટ કરવા માટે અક્ષય કુમાર તેના વ્યસ્ત કાર્યક્રમ હેઠળ ૨૫ દિવસ કાઢનાર છે. જો કે પટકથા પર અક્ષય કુમારે સ્પષ્ટ રીતે કામ કરવાની તૈયારી દર્શાવી નથી. આ પહેલા અક્ષય કુમાર અબ્બાસ મસ્તાની સાથે ખિલાડી, એતરાજ અને અજનબીમાં નજરે પડ્યો હતો. એટલુ જ નહી એક વર્ષમાં અનેક ફિલ્મો કરવા માટે જાણીતા રહેલા અક્ષય કુમારે હાલમાં પોતાની નવી ફિલ્મ ગોલ્ડના શુટિંગને પૂર્ણ કરી લીધી છે. અબ્બાસ મસ્તાન સાથે પોતાની ફિલ્મના સંબંધમાં અક્ષય તરફથી કોઈ વાત કરવામાં આવી નથી. અક્ષય કુમાર હોમ પ્રોડક્શનની ફિલ્મમાં પણ કામ કરી રહ્યો છે. તેની પાસે મોટા બેનરની ફિલ્મો આવી રહી છે. એક્શન અને કોમેડી ફિલ્મો અક્ષય કુમાર વધુ કરે છે.

# સ્વરા ભાસ્કર ખુબ કુશળ અભિનેત્રી : સોનમ કપુર



ખુબસુરત અભિનેત્રી સોનમ કપુર સ્વરા ભાસ્કરથી ખુબ પ્રભાવિત રહી છે. હજુ પણ તેની પ્રશંસા કરતા તે થાકતી નથી. સોનમ કપુર માને છે કે પ્રેમ રતન ધન પાયો ફિલ્મમાં તેની સાથે કામ કરી ચુકેલી અભિનેત્રી સ્વરા ભાસ્કર ખુબ કુશળ સ્ટાર તરીકે છે. તેનુ કહેવુ છે કે તે જેટલી કુશળ અભિનેત્રી છે તે મુજબ તેને સફળતા મળી નથી. સ્વરા ભાસ્કર અભિનિત અનારકલી ઓફ આરા ફિલ્મના એડિટેડ કરવામાં આવેલા સીન અંગે પુછવામાં આવતા સોનમ કપુરે કહ્યુ છે કે તે આ ફિલ્મ ખુબ શાનદાર ફિલ્મ છે. ફિલ્મમાં સ્વરા ભાસ્કરે યાદગાર ભૂમિકા અદા કરી છે. અનારકલી ઓફ આરા ફિલ્મના લીક કરવામાં આવેલા સેક્સી સીન અંગે પુછવામાં આવતા સોનમ કપુરે કહ્યુ છે કે તે ફિલ્મ નિહાળી ચુકી છે. સોનમ કપુરે સાફ શબ્દોમાં કહ્યુ છે કે તે કોઈ પણ પ્રકારના સેન્સરશીપમાં માનતી નથી. તેનુ કહેવુ છે કે જ્યારે કોઈ ચીજની પસંદગી અંગત રીતે કરવામાં આવે છે ત્યારે સંબંધિત વ્યક્તિ પર જવાબદારી સોંપી દેવી જોઈએ.

અનુસંધાન પાના નં.૬ ઉપર

# કલાકારનુ કામ તો મનોરંજન કરવાનુ હોય છે : સોહા અલી



ફિલ્મ પદ્માવતિને લઈને ચાલી રહેલા વિવાદમાં હવે અભિનેત્રી સોહા અલી ખાન પણ કુદી પડી છે. વિવાદ વચ્ચે સોહા અલી ખાને કહ્યુ છે કે સંજય લીલા ભણશાળી અને અને અભિનેત્રી દીપિકાની આમાં કોઈ ભુલ નથી. કલાકારો અને ફિલ્મ નિર્માતાનો હેતુ મનોરંજન કરવાનો હોય છે. કોઈને અપમાનિત કરવાનો હેતુ રહેતો નથી. સોહા અલી ખાને કહ્યુ છે કે દીપિકા અને સંજય લીલાને મળી રહેલી ધમકી હેરાન કરનાર છે. હાલમાં ધમકીઓ બાદ દીપીકાના માતાપિતાના બેંગલોર આવાસ ખાતે સુરક્ષા મજબુત કરવામાં આવી છે. સોહાએ કહ્યુ છે કે તમામ બાબતો ખુબ હેરાન કરનાર છે. સોહા અલી ખાને કહ્યુ છે કે કોઈ પણ પ્રકારની ધમકી તમામને પરેશાન કરનાર હોય છે. અત્રે ઉલ્લેખનીય છે કે પદ્માવતી ફિલ્મને લઈને દેશભરમાં જોરદાર વિરોધ પ્રદર્શન જારી છે.

અનુસંધાન પાના નં.૬ ઉપર

CMYK

**બનાસકાંઠામાં એક...**

**પાના નં.૧ ચાલુ**

**જ્યારે ચિત્રાસણીથી ડીસાના એરોડ્રામ સુધીના સ્ટેટ હાઈવે પહોળો કરી નેશનલ હાઈવે બનાવી ધાનેરા હાઈવે સુધી લંબાવાય તેને ઝડપથી ટ્રાફીક સમસ્યાથી મુક્તિ મળી શકે. પરંતુ અને મુદ્દે ચૂંટણી પછી ડીસા વાળાઓને સાથે રાખી તેઓના જણાવ્યા મુજબ સરકારમાં રજૂઆત કરાશે અને ટ્રાફીક સમસ્યાનું નિવારણ લાવી દેવાશે.**

**પ્રશ્ન-આ વખતે ખેડૂતોમાં નારાજગી જોવા મળી રહી છે.**

**જવાબ-ભાજપ સરકારના દૂરદેશી આયોજનના કારણે જિલ્લામાં કેનાલોમાં નર્મદાનીર વહેતા થયા છે. તેથી ખેડૂતને ત્રણેય સિજન ખેતી કરવા સક્ષમ બન્યા છે. એ સિવાય પણ સરકાર શૂન્ય વ્યાજ દરે ત્રણ લાખનું ધિરાણ, પુરતુ ખાતર ૪૫૦ કિ.મી લાંબી નહેરો સુધી ૧૮ વર્ષથી મફત સિંચાઈ સુવિધા ટ્રેક્ટર સહીતના ખેતી ઓજારો ફુવારા અને વિજળીમાં પણ સબસીડી આપે છે. એટલુંજ નહીં હાલમાં મગફળી અને કપાસની પણ સરકાર દ્વારા ટેકાના ભાવે ખરીદી થઈ રહી છે. તેથી ભાજપના શાશનમાં જ કુષિક્રાંતી સર્જાઈ છે અને ખેડૂતો સમૃધ્ધ બન્યા છે. જેમણે કારણે ખેડૂતોને નારાજંગીનો કોઈ પ્રશ્ન નથી.**

**પ્રશ્ન-પુર પીડીતો સહાય મુદ્દે હોબાળો છે?**

**જવાબ-જિલ્લામાં પુર પ્રકોપ વખતે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ પાંચ દિવસ ધામા નાખી આખા રાજ્યનો વહીવટ ચલાવ્યો હતો અને પુરગ્રસ્તો માટે પણ માતબર રકમનું 'પેકેજ' જાહેર કર્યું હતું તેથી અસરગ્રસ્તોને પૂરતી સહાય મળી છે.**

**ચાણસ્મા અને...**

**અનુસંધાન ૨ નુ ચાલુ..**

તેવી ચાણસ્મા બેઠક છે. અહીં પણ કોંગ્રેસના બળવાખોર દિનેશ ઠાકોરે ફોર્મ પાછું ખેચ્યું નથી. દિનેશ ઠાકોર અગાઉ બબ્બે વખત ભાજપના ઉમેદવાર સામે કારમી હાર વેઠી ચૂકયા છે. આથી કોંગ્રેસે પક્ષના અનુભવી અને માલધારી સમાજના આગેવાન રઘુભાઈ દેસાઈને મેદાનમાં ઉતાર્યા છે. તો ભાજપે જૂના જોગી દિલીપભાઈ ઠાકોરને ફરી એકવાર ટીકીટ આપી છે. અહીં ભાજપ, કોંગ્રેસ અને અપક્ષ વચ્ચે ત્રિ-પાંખિયો જંગ જામશે તે નક્કી છે. રાજકીય પંડિતોના ગણિત મુજબ દિનેશ ઠાકોરએ ઠાકોર સમાજનું પ્રતિનિધિત્વ કરી રહ્યા છે. એટલે ભાજપ અને અપક્ષ વચ્ચે મત વહેંચાઈ જાય તો કોંગ્રેસનો રસ્તો આસાન બની જાય તેમ હોઈ દિનેશ ઠાકોરને ભાજપ અને કોંગ્રેસ બંને પક્ષ દ્વારા છેલ્લી ઘડી સુધી મનાવવા પ્રયાસો થયા હતા. પરંતુ સત્તાની લાલચ આગળ તેઓને પાર્ટીથી પોતાનું કદ મોટું લાગતાં ઉમેદવારી પાછી નહીં ખેંચી ચૂંટણી લડી લેવા મેદાને ઉતર્યા છે.

**દાંતા બેઠકના...**

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

તેથી માલજીભાઈ કોદરવી આ વખતે કોંગ્રેસનો ગઢ તોડશે તેવું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે. માલજીભાઈ કોદરવીને ગામે - ગામ જન સમર્થન મળતા ભાજપ કાર્યકરોમાં ઉત્સાહનો માહોલ છવાયો છે. તેથી તેમનું પ્રચાર અભિયાન પ્રારંભથી જ વેગવંતુ બની ગયું છે. જેના કારણે પંથકમાં ધીમે ધીમે કેસરીયો માહોલ છવાઈ રહ્યો છે.

**વાવ વિધાનસભા...**

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

કાર્યકરો અને મતદારો કેશરીયા રંગથી રંગાઈ ચૂક્યા છે. ભર શિયાળે રાજકીય ગરમાવો આવી ગયો છે. દીનપ્રતિદીન ભાજપના ઉમેદવાર શંકરભાઈ ચૌધરી જીત તરફ આગળ વધી રહ્યા છે. મતદારો તરફથી બહોળો આવકાર મળી રહ્યો છે.

**લાખણી તાલુકાના...**

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

ન થતા ખેડૂતોએ તાલુકા પંચાયત લાખણી અને બેન્કોમાં ધક્કા ખાવાનો વારો આવ્યો છે. ત્યાર બાદ તપાસ કરતાં મંજુર થયેલ સહાય ભળતા નામવાળા ખાતામાં તેમજ ભળતા નંબરવાળા ખાતામાં જમા થતા ખેડૂતો લાચાર બન્યા છે અને અન્ય ખાતેદારોના બેન્ક ખાતા સ્ટોપ કરાવવાની અરજીઓ કરતા જોવા મળ્યા હતા. તો તાલુકાના ગામ દીઠ પચાસ થી સાઈઠ ખેડૂતોના ખાતા નંબર ખોટા આવતા તેઓએ ફરીથી બેન્ક પાસબુકની ઝેરોક્ષ કૉપી આપવાની ફરજ પડી છે.

આ બાબતે ગેળા ગામના ખેડૂત ભલજીભાઈ રાજપૂતે જણાવ્યું હતું કે મારો બેન્ક ખાતા નંબર કમ્પ્લેટ હતો તો પણ મારા ભળતા નામના અન્ય ભલજીભાઈ રાજપૂતના ખાતામાં મારી ૫૬૦૦૦/-જેટલી સહાય જતી રહી છે. જો તંત્ર દ્વારા પુરતી કાળજી રાખવામાં આવે તો ખેડૂતો હેરાન થવું ન પડે.

તો ઘાણા ગામના લાલાજી ઠાકોરે જણાવ્યું હતું કે મારો એકાઉન્ટ નંબર ૦૮૧૭૧૦ ૦૦૬૧૧૪ છે તો મારી જમીન ધોવાણની ૪૦૦૦૦ સહાય ધાનેરા તાલુકાના જાડી ગામના અન્ય ખેડૂતના ખાતા નંબર ૮૧૭૧૦૦૦૫૧૧૪ માં જમા થઈ છે.

**થરાદ વિધાનસભા..**

**પાના નં.૮ ચાલુ**

મેળવી ચુંટણીજંગમાં અડીખમ રહ્યા હતા.જોકે માવજીભાઈને મનાવવા માટે ભારતીય જનતા પાર્ટીના સ્થાનિક અને કૉંગ્રેસના અગ્રણીઓ પણ આવ્યા હતા.માવજીભાઈએ તેમને પણ ભુતકાળ યાદ કરાવી નિરાશ કરી પરત મુક્યા હતા.

ઉપરાંત કૉંગ્રેસના બનાસકાંઠાના વિધાનસભાના પ્રભારી ઉદેરામ આંજણા (રાજસ્થાનના ચિત્તોડગઢના પુર્વ સાંસદ) અને જોઇતાભાઇ પટેલ (ધાનેરા) તથા અખિલ ભારતીય આંજણા સમાજના પ્રમુખ વિરજીભાઇ જુડાલ પણ થરાદ સભામાં આવ્યા હતા.જ્યાં જોઇતાભાઇની ટિકિટ કપાઇ હોવા છતાં પણ તેઓ પાર્ટીને સહકાર આપતા હોઇ તમારે પણ સમજવું જોઇએ તેમ કહીને બંધબારણે બેઠક યોજી માવજીભાઇને મનાવવાનો પ્રયાસ કર્યો હતો.

પરંતુ માવજીભાઇ એકના બે નહી થતાં આખરે ૨૦૦૭નું પુનરાવર્તનની સ્થિતી સર્જાતાં ભાજપ કૉંગ્રેસ અને અપક્ષ વચ્ચેના ત્રીપાંખીયા જંગનાં મંડરાણ નક્કી થવા પામ્યાં હતાં.નોંધનીય છે કે ૨૦૦૭માં પુર્વ ધારાસભ્ય હેમાજી રાજપુતના પૌત્ર ગુલાબસીંહને ટિકીટ મળતાં માવજીભાઇએ અપક્ષ લડતાં માવજીભાઇ અને ભાજપના પરબતભાઇ પટેલ વચ્ચે સીધો જંગ જામ્યો હતો.જેમાં ૩૦૫૨૧ મેળવવા છતાં પણ ૪૨૭૦૯ મતોથી હાર થવા પામી હતી.આમ માવજીભાઇના બળવાના કારણે ભાજપ અને કૉંગ્રેસની છાવણીમાં ચિંતા વધી જવા પામી હતી.

**વાવ વિધાનસભા ..**

**પાના નં.૮ ચાલુ**

લહેરાવા તેઓએ પણ ચુંટણી પ્રચારને જોરશોરથી આરંભી દીધો છે. વાવ બેઠક ઉપર આવતા તમામ ગામોમાં માલધારી સમાજને ઘેર - ઘેર પહોંચી કમળના પ્રચારને પૂરજોશમાં ગુંજવી દીધો છે. આમ વિધાનસભાની ચુંટણીમાં માલધારી (રબારી) સમાજમાંથી ભાજપના ઉમેદવાર શંકરભાઈ ચૌધરીને ઉમળકાભેર આવકાર સાંપડી રહ્યો છે.

**ડીસામાં ભાજપ..**

**પાના નં.૮ ચાલુ**

પરિવાર છે. ચાણકય બુધ્ધિથી વ્યુહરચનાથી અમિતભાઈ શાહ, વિજયભાઈ રૂપાણી, જીતુભાઈ વાઘાણી જવંલત પ્રતિભા એવા નરેન્દ્રભાઈના કુશળ માર્ગદર્શન હેઠળ કામ કરે છે. ડીસા તાલુકા ભાજપ પ્રમુખ લેબજીભાઈ ઠાકોરે ખભેખભા મિલાવીને શશીકાંતભાઈને વિજયી બનાવવા હૃદયસ્પર્શી અપીલ કરી હતી. શશીકાંતભાઈ વિશે લેબજી ભાઈએ જણાવ્યું હતું કે, કયાંય અન્યાય દેખાય તો કડક છે પરંતુ દિલના કોમળ છે. ડીસા શહેર ભાજપ પ્રમુખ સંજયભાઈ બ્રહ્મભટ્ટે જણાવ્યું હતું કે પાર્ટી જયારે ચૂંટણીના મેદાનમાં ઉતરી છે ત્યારે આજથી જ બુથ, શકિત કેન્દ્રો પ્રમાણે જે કાર્યકરોને જવાબદારી છે તે સૌ કામે લાગી જાય. સાચી નિષ્ઠાથી કામગીરી કરવાની છે.

પ્રખર વિચારક, આદર્શ મહિલાનું ઉદાહરણ શ્રીમતિ રાજુલબેન દેસાઈએ કહ્યું હતું કે, પાયાના કાર્યકર શશીકાંતભાઈની પાર્ટીએ કદર કરી છે. ભારત વિશ્વનો સૌથી મોટો લોકશાહી દેશ છે. ભાજપ વિશ્વની સૌથી મોટી રાજકીય પાર્ટી છે. અમેરીકા પ્રમુખ ટ્રમ્પની દિકરીએ ભારત આવીને ગુજરાત ભાજપના વિકાસ મોડલને વખાણ્યુ છે. શિક્ષણમાં વિકાસ કેટલો સરસ થયો છે. ૭ યુનિવર્સિટી થઈ છે. મહિલાઓના વિકાસ માટે સરકારે ખુબ કામ કર્યુ છે. પોલીસ ખાતાની નોકરીમાં ૩૩ ટકા મહિલા અનામત આપી છે. ચૂલા ફૂકતી બેનોને ગેસના બાટલાના જોડાણ આપી પ્રદૂષણ મુકત કરી છે. ડીસા ન.પા. પ્રમુખ પ્રવિણભાઈ માળીએ કહ્યું હતું કે આજનો ઉદ્ઘાટન સમારોહ ગમે તેવી નિરાશાને ઉત્સાહમાં પલટી નાંખે તેવો છે. ઠાકોર સમાજના અગ્રણી રમેશભાઈ દેલવાડીયાએ કહ્યું હતું કે, શશીકાંતભાઈ હંમેશા એક ડગલું આગળ હોય છે. ડીસા ન.પા.નો વિકાસ રોલ મોડલ છે.

જિલ્લા પંચાયત બાંધકામ સમિતિ ચેરમેન બળવંતસિંહજીએ કહ્યું હતું કે, ચૂંટણી સંગ્રામનું રણશીંગું ફૂંકાયું છે. ત્યારે ડીસામાંથી એક કમળ ચૂંટીને ગાંધીનગર મોકલવા હાકલ કરી હતી. પાટણના સંસદ સભ્ય અને લીલાધરભાઈના સુપુત્ર એવા મુકેશભાઈએ ઉમેદવારની પસંદગી થઈ છે ત્યારે આશા - નિરાશાની બધી જ વાત ભુલીને એક જ લક્ષ્ય વિજયનું રાખવા આહ્વાન કર્યુ હતું. ઠાકોર સમાજના અગ્રણી રસીકજી ઠાકોરે ભાજપના મીશન ૧૫૦ પ્લસને સફળ બનાવવા શશીકાંતભાઈને જંગી વિજય અપાવવા ઠાકોર સમાજ પ્રથમ હરોળમાં રહેશે એવી શ્રધ્ધા પ્રગટ કરી હતી. સંજયભાઈ દેસાઈએ શંકા - કુશંકા હટાવીને અંતિમ વિજય આપણો જ રહેશે એવો બુલંદ રણકાર પ્રગટ કર્યો હતો. બનાસકાંઠા જિલ્લા ભાજપ મહામંત્રી અમૃતભાઈ દવેએ ઉમેદવાર પસંદગી પછી દરેક દાવેદાર પોતે જ ઉમેદવાર છે એમ માની કામે લાગી જવા વિનમ્ર અપીલ કરી હતી. આ ચૂંટણી માત્ર ચૂંટણી જ નથી ગુજરાતના ગૌરવનો સવાલ છે સરદાર પટેલ, મોરારજી દેસાઈ પ્રત્યે અન્યાય કરનાર કોંગ્રેસને જડબાતોડ જવાબ મતદાનમાં આપવા જણાવ્યું હતું.

જિલ્લા ભાજપ મહામંત્રી ભારતસિંહજીએ જણાવ્યુ હતું કે, નરેન્દ્રભાઈ, અમિતભાઈ દેશને વિશ્વ પરમ વૈભવના શિખરે લઈ જવા માંગે છે ત્યારે શશીકાંતભાઈને વિજયી બનાવીને આપણે એમાં સહભાગી બનીએ. વિસ્તૃત રાજકીય વિશ્લેષણ કરતાં જણાવ્યું હતું કે, ટીકીટ પસંદગીની પ્રક્રિયા ચાલે ત્યાં સુધી બધું યોગ્ય છે પરંતુ પછી બધું ભુલી જવું એ સાચી સંસ્કારિતા છે. કારણ કે, ટીકીટ માંગનારને ટીકીટ માંગવા લાયક બનાવ્યો કોણે ? પક્ષે મોટા કર્યા એટલે ટિકીટ માંગતા થયાં હવે, ઉમેદવાર પસંદ થયા પછી પક્ષ નિષ્ઠાથી કામગીરી ન કરીએ તો કુદરતના મોટા ગુનેગાર બનીશું. શશીકાંતભાઈ ૨૪ કલાક સમર્પિત ૧૦૮ જેવાં અજોડ લોકસેવક છે. ભોળા કાર્યકર છે. જિલ્લા ભાજપ પૂર્વ પ્રમુખ રાણાભાઈ દેસાઈએ મિશન ૧૫૦ પ્લસમાં અમિતભાઈ શાહની અપેક્ષા બનાસકાંઠાની ૯ સીટ અને એમાં ડીસા પ્રથમ આવે એવી આશા વ્યકત કરી હતી. ડીસા વિધાનસભા ભાજપના ચૂંટણી ઈન્ચાર્જ મગનલાલ માળીએ કહ્યું હતું કે શશીકાંતભાઈ ૩૫ વર્ષથી સંઘ અને પાર્ટી માટે કામ કરે છે. પાર્ટીએ કદર કરી છે આપણને સક્ષમ ઉમેદવાર મળ્યો છે. ૨૦૧૪ ની ચૂંટણીમાં નાની મોટી ભુલ થઈ તે સુધારવાની આ તક છે. રામપુરા દામા મઠના મહંત રૂપપુરીજીએ આર્શિવચન આપતા જણાવ્યું હતું કે વિકાસ જોઈતો હોય તો કમળ પસંદ કરજો અને વિવાદ જોઈતો હોય તો પંજા પસંદ કરજો. ઉમેદવાર શશી-કાંતભાઈએ નિખાલસ પારદર્શકતાથી જણાવ્યું હતું કે, સ્વભાવની આદતથી કયાંક, કયારેક કોઈનું દિલ દુભાયુ હોય તો માફી માંગુ છું. મારો કોઈ સમાજ નથી, હિન્દુ સમાજએ મારા સમાજ છે. જે લોકો મંદિરથી દુર ભાગતા હતાં એ મંદિરોમાં જતા થયા આ હિન્દુત્વની તાકાત છે. મારી જીતએ મારી નહીં. હિન્દુ સમાજની જીત હશે, બનાસકાંઠાના સંસદ સભ્ય અને કેન્દ્રિય રાજયમંત્રી હરિભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, આ વખતે નવે નવ સીટ ભાજપ જીતશે. પ્રવાસ બાદ મારો આ અનુભવ છે. ભાજપનું ૧૫૦ પ્લસ મીશન એ તર્ક વિતર્ક નથી. એની પાછળ ચોકકસ ગણિત છે. સમગ્ર ભારતમાં પાર્ટીના ૧૧ કરોડ સભ્યો છે. ગુજરાતમાં એક કરોડ અગિયારસ લાખ પ્રાથમિક સભ્યો છે. ૬૦ લાખ પાસે ફોટો અને કાર્ડ છે કુલ ચાર કરોડ ચાલીસ લાખ ગુજરાતના મતદારો છે એમાં ૭૦ ટકા મતદાન થાય તો બે કરોડ એસી લાખનું મતદાન થાય. એક કરોડ ચાલીસ લાખ મત મળે એ પાર્ટીની સરકાર બને. ૬૦ લાખ ફોટોકાર્ડવાળા સભ્યો છે. ચૂંટણી પંચના જણાવ્યા મુજબ દરેક કુટુંબમાં સરેરાશ ત્રણ મતદારો હોય છે. એક કરોડ એસી લાખ મત થયાં. જો એક કરોડ ચાલીસ લાખથી સરકાર બને તો એક કરોડ એસી લાખથી ૧૫૦ પ્લસ મીશન સફળ થશે.

સમગ્ર સમારોહનું સંચાલન ડીસા શહેર ભાજપ મહામંત્રી ચેતનભાઈ ત્રિવેદીએ કર્યુ હતું. તમામ સમાજના લોકો અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. સૌથી વિશિષ્ટિ વાત એ હતી કે રાણીવાડા (રાજસ્થાન) ના ધારાસભ્ય નારણસિંહજી ગામડે ગામડે ફરીને પક્ષના સંગઠનને જોમવંતુ બનાવી રહ્યા છે. શશીકા-તભાઈ પ્રત્યેની અજોડ લાગણીનું આ જવંલત ઉદાહરણ છે.

**કાંકરેજ વિધાનસભા..**

**પાના નં.૮ ચાલુ**

હર્ષદભાઈ શાહ, અતુલભાઈ આલ, અમૃતભાઈ દેસાઈ, રસીકજી ઠાકોર, રેવાભાઈ, કાળુરામ મહારાજ, વિજુભા વાઘેલા, રેવાભાઈ દેસાઈ, મનસિંહ સોલંકી, ડૉ.રાજુલબેન દેસાઈ વગેરે જોડાયા હતા.

ભાજપ ઉમેદવાર કીર્તિસિંહ વાઘેલાએ આ પ્રસંગે જણાવેલ કે હું કોઈપણ નાતજાતના ભેદભાવ વગર તમામ લોકોને સાથે લઈને ચાલીશ. વિકાસના કામોમાં હું હરહંમેશા તમારી અપેક્ષા મુજબ કાર્યો કરવા ખાત્રી આપું છું. આ પ્રસંગે મહોબતસિંહ જાદવ, દલપતસિંહ જાદવ, જોગાભાઈ દેસાઈ, ધુંખજીભાઈ, રામજીભાઈ દેસાઈ, રમેશભાઈ દવે (યુવામહામંત્રી) ભરતભાઈ જોષી તેમજ મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

**દિયોદર બેઠકના..**

**પાના નં.૮ ચાલુ**

વાતમજુના, બપોરે ૧૨-૦૦ કલાકે વાતમનવા, બપોરે ૧૨-૩૦ કલાકે નરાણા, બપોરે ૧૩-૦૦ કલાકે જાલોઢા, બપોરે ૧૩-૩૦ કલાકે માનપુરા (જા) બપોરે ૧૪-૦૦ કલાકે નવાપુરા, બપોરે ૧૪-૩૦ સોની, બપોરે ૧૫-૦૦ કલાકે ફોરણા, બપોરે ૧૫-૩૦ કલાકે કોટડા (ફો) સાંજે ૧૬-૦૦ કલાકે ડુચકવાડા, સાંજે ૧૬-૩૦ કલાકે ચગવડા, સાંજે ૧૭-૦૦ કલાકે ચમનપુરા, સાંજના ૮-૦૦ થી ૧૦-૦૦ દિયોદર પરત ફરશે તેમની ભાજપના કાર્યકરો જોડાશે.

**ધાનેરામાં અપક્ષ..**

**પાના નં.૮ ચાલુ**

બહુમતીથી જીતાડવા ખંતથી કાર્ય કરવાનું વચન આપ્યું હતું.તેમણે જણાવ્યું હતું કે ભાજપ વિકાસ કરતી પાર્ટી છે અને ધાનેરા ભાજપના ઉમેદવાર માવજીભાઈ દેસાઈ શિક્ષિત,સેવાભાવી, સંસ્કારી અને વ્યાપારી તેમજ અગ્રણી સહકારી આગેવાન હોઈ તેમના નેતૃત્વનો લાભ ધાનેરાની પ્રજાને મળશે.

આ પ્રસંગે ધાનેરા વિધાનસભાના વિસ્તાર ખેમરાજભાઈ દેસાઈ, વિધાનસભા બેઠકના ઈન્ચાર્જ ગિરધરભાઈ ભીમાણી, શહેર ભાજપ પ્રમુખ કાંતિલાલ ત્રિવેદી, મહામંત્રી જબ્બરસિંગ રાજપૂત, યોગેશભાઈ ત્રિવેદી સહિત મોટી સંખ્યામાં ભાજપના નેતાઓ કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા અને ભાજપમાં જોડાનાર સૌને કેસરીયો ખેસ પહેરાવી આવકાર્યા હતા.

**થરાદ બેઠકના .**

**પાના નં.૮ ચાલુ**

વડગામડા, કોઠીગામ અને વાડીયા ગામના બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. જે સભા પહેલ ભવ્ય બાઈક રેલી યોજાઈ હતી. જાહેરસભામાં પ્રજાજનોએ પરબતભાઈ પટેલ ફરી થરાદના ધારાસભ્ય તરીકે ચૂંટાઈને વિકાસકામો કરતા રહે તેવા આશીર્વાદ આપ્યા હતા અને ભાજપ તરફી મતદાન કરવા હાકલ કરી હતી. આ પ્રસંગે બારોટ સમાજના અગ્રણી ભીખાભાઈ બારોટ ભાજપમાં જોડાયા હતા. આ પ્રસંગે બહોળી સંખ્યામાં અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.ડીસા

થરાદ વિધાનસભા બેઠકના ભાજપના ઉમેદવાર અને વર્તમાન ધારાસભ્ય પરબતભાઈ પટેલે થરાદ મત વિસ્તારના સાથે ગામ જઈ લોકસંપર્ક સઘન બનાવી દીધો છે. જ્યાં તેમનું ઠેર ઠેર સ્વાગત કરી સમર્થન મળી રહ્યું છે.

થરાદ બેઠકના ભાજપના ઉમેદવાર પરબતભાઈ પટેલે ગતરોજ વડગામડા ખાતે જાહેર સભા યોજી હતી. જેમાં વડગામડા, કોઠીગામ અને વાડીયા ગામના બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. જે સભા પહેલ ભવ્ય બાઈક રેલી યોજાઈ હતી. જાહેરસભામાં પ્રજાજનોએ પરબતભાઈ પટેલ ફરી થરાદના ધારાસભ્ય તરીકે ચૂંટાઈને વિકાસકામો કરતા રહે તેવા આશીર્વાદ આપ્યા હતા અને ભાજપ તરફી મતદાન કરવા હાકલ કરી હતી. આ પ્રસંગે બારોટ સમાજના અગ્રણી ભીખાભાઈ બારોટ ભાજપમાં જોડાયા હતા. આ પ્રસંગે બહોળી સંખ્યામાં અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**ધાનેરા કોંગ્રેસ ....**

**પાના નં.૮ ચાલુ**

કાર્યકરોમાં ખુશાલી છવાઈ હતી. જેમની દાવેદારીને તાલુકાભરમાંથી આવકાર સાંપડયો છે. ત્યારે ગઈકાલે ફોર્મ પરત ખેંચવાની અંતિમ મુદત સુધીમાં પાંચ ઉમેદવારોએ તેમના ટેકામાં ફોર્મ પરત ખેંચી લીધા હતા. તેથી કોંગ્રેસનું પલ્લુ ભારે જોવા મળ્યું છે.

## સલમાનના લીધે બોલિવુડમાં ટકવામાં ડેઝી શાહ સફળ રહી

ખુબસુરત અભિનેત્રી ડેઝી શાહને બોલિવુડના દબ-ંગ સ્ટાર સલમાન ખાનના કારણે બોલિવુડમાં ટકી રહેવામાં સફળતા મળી છે. તે તેના ઈશારે ચાલી પણ રહી છે. તેની પાસે હાલ નાના બજેટની ફિલ્મો આવી રહી છે પરંતુ તે આને લઈને સંતુષ્ટ છે. હાલમાં તેની પાસે રામરતન નામની ફિલ્મ છે. જેમાં તે રિશી ભુટાનીની સાથે નજરે પડનાર છે. ફિલ્મને લઈને ડેઝી શાહ આશાવાદી દેખાઈ રહી છે. તેની નવી ફિલ્મની રજૂઆતની તારીખ હજુ સુધી જાહેર કરવામાં આવી નથી. બીજી બાજુ ડેઝીએ કહ્યુ છે કે તે સલમાન સાથે તેની મિત્રતાનો લાભ લેવા માટે વધારે ઉત્સુક છે. હાલના દિવસોમાં સલમાન ખાન અને લુલિયા વંતુરના સંબંધને લઈને ભારે ચર્ચા જોવા મળી રહી છે. તાજેતરમાં એવા હેવાલ આવ્યા હતા કે સલમાન ખાનને ડેઝી શાહથી દુર રહેવા માટે લુલિયાએ સલાહ આપી હતી.

## ફિલ્મી સીતારા

**અનુસંધાન ૫ નું ચાલુ**

ડેવિડ ધવન, દેવાનંદ, મહેશ ભટ્ટ, વિજય આનંદ, યશ ચોપડા અને શક્તિ સામંત જેવા ધુરંધર નિર્માતાઓ સાથે કામ કર્યું છે. અનેક સુપરહીટ ફિલ્મો જેમાં દોસ્તી, આયે દિન બહાર કે, મિલન, શાર્ગિદ, જીને કી રાહ, દો રાસ્તે, મેરા ગાંવ મેરા દેશ, રોટી કપડાં ઔર મકાનથી માંડીને ખલનાયક, પરવરીશ, નસીબ, કુલી, સુહાગ અને ધર્મવીર જેવી ફિલ્મોમાં સુપરહીટ સંગીત આપ્યું હતું.

ફિલ્મ 'ઓમ શાંતિ ઓમ' માં સંગીતકારનું સંગીત પ્યારેલાલના પ્યારનું જીવંત ઉદાહરણ છે. પ્યારેલાલ હાલમાં વર્લ્ડ મ્યુઝીક પર કામ કરી રહ્યા છે. એમાં તેઓ લોકસંગીત શાસ્ત્રીય સંગીત અને વેસ્ટર્ન સંગીતને મેળવીને ફ્યુઝન સંગીત બનાવે છે.

પ્યારેલાલજીના ચાર રૂમો એવોર્ડથી ભરેલા પડયા છે.આ જોડીને ૭ ફિલ્મફેર એવોર્ડ, ૬૮ ગોલ્ડન જ્યુબીલી એવોર્ડ, ૧૦૦ સીલ્વર જયુબીલી એવોર્ડ મળ્યા છે. 'દોસ્તી' ફિલ્મમાં ફિલ્મફેર એવોર્ડ મળવો એ એમની ઘણી જ મોટી ઉપલબ્ધિ હતી. કારણ કે એ સમયે બે મોટી ફિલ્મો 'સંગમ' અને 'વો કૌન થી' નામાંકિત થઈ હતી.

**કમલેશ કંસારા**

## સોહા

**અનુસંધાન ૫ નું ચાલુ**

શ્રેણીબદ્ધ રાજ્યોમાં આ ફિલ્મની રજૂઆત ઉપર પ્રતિબંધ મુકવામાં આવી ચુક્યો છે.ગુજરાત ઉપરાંત અન્ય જે રાજ્યોમાં આ ફિલ્મ ઉપર પ્રતિબંધ મુકી દેવામાં આવ્યો છે તેમાં ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ, પંજાબ અને રાજસ્થાનનો સમાવેશ થાય છે. આ તમામ રાજ્યોમાં ફિલ્મની રજૂઆતને લીલીઝંડી મળી નથી. ઉત્તરપ્રદેશના નાયબ મુખ્યમંત્રી કેશવ પ્રસાદ મોર્ય જાહેરમાં કહી ચુક્યા છે કે, જ્યાં સુધી ફિલ્મની પટકથામાં ફેરફાર કરાશે નહીં ત્યાં સુધી ઉત્તર પ્રદેશમાં ફિલ્મની રજૂઆતને મંજુરી આપવામાં આવશે નહીં. રાજસ્થાનના મુખ્યમંત્રી વસુંધરા રાજે પણ કહી ચુક્યા છે કે, જ્યાં સુધી પદ્માવતીમાં ફેરફાર કરાશે નહીં ત્યાં સુધી ફિલ્મને રાજસ્થાનમાં રજૂ કરવાની મંજુરી અપાશે નહીં. ફિલ્મમાં પદ્માવતિમાં મુખ્ય રોલમાં દીપિકા કામ કરી રહી છે. ફિલ્મમાં રણવીર સિંહ અને શાહિદ કપુરની પણ ભૂમિકા છે.

## અરબાઝ

**અનુસંધાન ૫ નું ચાલુ**

તેનુ કહેવુ છે કે દેશમાં તમામને તમામ ચીજો બોલવાની છુટછાટ છે. ફિલ્મના સંબંધમાં નિર્ણય લેનાર એક બોડી પણ છે તો આ વિરોધ પ્રદર્શન કેમ છે. તેનુ કહેવુ છે કે ચાહકો સુધી જે ફિલ્મ જાય છે તે ફિલ્મ પહેલા સેન્સર સુધી પહોંચે છે. ફિલ્મના સંબંધમાં સેન્સર બોર્ડને જો સત્તા આપવામાં આવી છે તો નિર્ણય પણ તેના પર છોડી દેવામાં આવે તે જરૂરી છે. પહેલા ફિલ્મ જોવામાં આવે તે જરૂરી છે. પહેલા જ નાક, કાન કાપવાની વાત કરવી યોગ્ય નથી. તેનુ કહેવુ છે કે ફિલ્મ નિહાળવાની બાબત લોકો પર આધારિત છે. કોઈને ઘરમાં ઘુસીને ફિલ્મ દર્શાવી શકાય નહી. તેરા ઈન્તજાર ફિલ્મને લઈને તે આશાવાદી છે. રાજીવ વાલિયાની આ ફિલ્મ છે. રાજીવ મ્યુઝિકલ થ્રીલર ફિલ્મ બનાવવા માટે ઈચ્છુક હતા. ફિલ્મ માત્ર સની લિયોનના કારણે સાઈન કરી હોવાનો દાવો અરબાજે કર્યો છે. તે સની લિયોનની સાથે ફિલ્મ કરવા ઉત્સુક હતો. લાંબા સમય બાદ તે એક રોમેન્ટિક ફિલ્મ કરી રહ્યો છે. તેની કેરિયરની શરૂઆત નેગેટિવ રોલ સાથે દરાર મારફતે થઈ હતી.

## સોનમ કપુર

**અનુસંધાન ૫ નું ચાલુ**

પ્રેમ રતન ધન પાયો જેવી સુરજ બડજાતિયાની મોટી ફિલ્મમાં તે બોલિવુડના સુપરસ્ટાર અભિનેતા સલમાન ખાનની સાથે તેની બહેનના રોલમાં નજરે પડી હતી.સ્વરા ભાસ્કર સાથે સોનમ કપુરની મિત્રતા પહેલાથી જ રહી છે. તેમની મિત્રતાને ધ્યાનમાં લઈને જ સુરજ બડજાતિયાએ તેમની ફિલ્મ પ્રેમ રતન ધન પાયોમાં આ બન્ને અભિનેત્રીને એક સાથે ફિલ્મમાં લીધી હતી. સ્વરા ભાસ્કર દરેક પ્રકારની એક્ટિંગ કુશળતાને લઈને પ્રભાવિત રહી છે. તેનુ કહેવુ છે કે તે આવનાર સમયમાં પણ બોલિવુડમાં કેટલીક મોટી ફિલ્મ કરવા માટે ઉત્સુક છે. હાલમાં તેની ફિલ્મ અનારકલીને લઈને તેના ચાહકોમાં ભારે ચર્ચા જોવા મળી હતી.

# સ્થાનિક બજાર ભાવ

**ચોકસી બજાર**(કીલોના)
**ચાંદી ચોરસા ૩૯૫૦૦-૪૦૪૦૦**
રૂપુ કાચું ૩૯૫૦૦-૪૨૦૦૦
સોનુ તોલો ૩૦૩૦૦-૩૦૫૦૦
**તેલ બજાર**
**રાધે પામોલીન ૧૦૭૦**
પામોલીન ૧૦૭૦
સોયા રીફાઈન ૧૩૭૦
રાયડાતેલ ૧૫કી.૧૧૧૦-૧૨૭૦
સીંગતેલ૧૫ કી. ૧૫૫૦-૧૫૮૦
સીંગતેલ ૧૫ લી.૧૪૨૦
સીગતેલ ૫ લી. ૪૭૫-૪૮૨
તિરૂપતી કપા. ૧૨૬૦
૫ લીટર ૪૦૦
વનસ્પતિ ઘી ૧૦૬૦-૧૧૮૦
કોપરેલ ૧૫ કિલો ૩૦૦૦-૩૧૦૦
૫ કે. કોપરેલ૧૧૦૦
૫લી. અંકુર સીંગતેલ ૪૮૦
**૧૫ લીટર સનફલાય ૧૨૭૦**
ટાયગર રાયડા તેલ ૧૫ કી. ૧૨૬૦
૫ લી. ૪૬૦
૨ લી. ૧૬૩
**ચોખા-દાળ બજાર**
(૧૦૦ કીલોના ભાવ)
કીચન ચેમ્પીયન કલાસીક ૮૫૦૦
કીચન ચેમ્પીયન સુપર ૭૭૦૦
કીચન ચેમ્પીયન તીબાર ૭૨૦૦
કીચન ચેમ્પીયન દુબાર ૬૯૦૦
કીચન ચેમ્પીયન રોજાના ૬૫૦૦
કીચન ચેમ્પીયનમીની દુબાર ૫૮૦૦
કીચન ચેમ્પીયન મોગર ૪૮૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૪૪૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૩૯૦૦
કીચન ચેમ્પીયન બ્રોકન ૩૦૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત સ્પેસીયલ ૭૮૦૦
દાવત ૭૭૦૦
દાવત તીબાર ૭૭૦૦
દાવત દિલખુશ ૭૮૦૦
દાવત રોજાના ૬૮૦૦
દાવત મોગરા ૪૮૦૦
દાવત મીની મોગરા ૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૨૫ કી.૧૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૧૦ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૫ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૧ કી.૧૪૪૦૦
ઈ.ગેટ સુપર ૨૫+૫ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૧૦ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૫ કી.૧૧૬૦૦
ઈ.ગેટ સુપર ૧ કી.૧૦૭૦૦
ઈ.ગેટતીબાર ૨૫ કી.૮૦૦૦
ઈ.ગેટ તી બાર ૧૦ કી.૮૧૦૦
ઈ.ગેટતીબાર ૫ કી.૮૫૦૦
ઈ.ગેટતીબાર ૧ કી.૮૫૦૦
ઈ.ગેટ દુબાર ૨૫ કી.૭૫૦૦
ઈ.ગેટ દુબાર ૧૦ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૫ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૧ કી.૮૦૦૦
દુન પ્રીમીયમ ૯૦૦૦
દુન તીબાર ૨૫ કી.૭૭૦૦
દુન તીબાર ૧૦ કી.૭૨૦૦
નર્મદા મગ પોલીસ ૫૬૦૦
મગદાળ નર્મદા સુપર ૬૨૦૦
નર્મદા મગ મોગર ૬૦૦૦
મગમોગરનર્મદાપ્રીમી ૬૨૦૦
નર્મદા અડદદાળ ૬૦૦૦
ઈન્ડિયા ગેટ મીની જુના ૪૫૦૦
ઈન્ડિયા ગેટ મોગરો ૪૪૦૦
ઈન્ડિયા ગેટ કણકી ૨૮૦૦
ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા ૬૮૦૦
તુવરદાળ કૃષ્ણા ૭૦૦૦
તુવરદાળ રેંટીયો કિ.૫ ૯૦૦૦
તુવરદાળ ખીડીયાર ૬૧૦૦
લાલ કીલ્લો મેજીસ્ટીક ૯૦૦૦
લાલ કીલ્લો પ્રીમીયમ ૮૦૦૦
લાલ કીલ્લો તીબાર ૭૦૦૦
લાલ કિલ્લો દુબાર ૫૫૦૦
લાલ કિલ્લો મોગરો ૪૫૦૦
હેરીટેઝ એક્ષએક્ષએલ ૯૦૦૦
હેરીટેજ તીબાર ૭૮૦૦
હેરીટેજ દુબાર ૬૦૦૦
હેરીટેજ મીની દુબા ૫૦૦૦
કાયનાત પી ૮૫૦૦
કાયનાત સુપર ૮૧૦૦
કાયનાત ૬૮૦૦
રાજા બાસમતી ૪૦૦૦
કુરૂક્ષેત્ર ૫૮૦૦
એપ્પલ પ્રીમીય ૪૮૦૦
ઓરેન્જ ૬૦૦૦
દાવત અપ્સરા ૫૦૦૦
જીરાસર ચંદન ૩૮૦૦
ચણાદાળ ૪૪૪ ૭૧૦૦
મગદાળ સમરદીપ ૭૨૦૦
મગમોગર રીયલ ૮૦૦૦
અડદદાળ અક્ષર ૮૩૦૦૦
મગ ૫૭૦૦
અંગુર તુવેરદાળ ૭૨૦૦
અંગુરતુવેરદાળઆયાતી ૬૪૦૦
ગાય છાપ તુવેરદાળ ૬૦૦૦
કિસાન તુવેરદાળ ૬૨૦૦
પરખ ગોલ્ડ પ્રીમીયમ ૬૦૦૦
પરખ સ્પેશીયલ ૫૨૦૦
લાલપરી તીબાર જુના ૪૨૦૦
લાલપરી દુબાર જુના ૩૮૦૦
લાલપરી સ્પેશી.નવા ૪૪૦૦
લાલપરી દુબાર નવા ૩૯૦૦
રોયલ ટેસ્ટ બાસમતી ૪૦૦૦
લાલમંદિર બાસમતી ૩૬૦૦
**ખાંડ બજાર**
(બોરીના ભાવ)
**ખાંડ એસ. ૩૯૦૦-૩૯૫૦**
**ખાંડ એમ. ૪૦૦૦-૪૧૫૦**
ખાંડએલ. ૪૦૫૦-૪૧૦૦
**ચા-બજાર**
સુરજ છાપ ચા ૩૦૦
હરણ છાપ ચા ૨૨૦
**આખા મરચાં-હળદર**
હળદર આખી રાજાપુરી ૭૦-૧૨૦
હળદર આખી રાજાપુરી ગટ્ટા ૧૦૦-૧૪૦
હળદર આખી સેલમ ૯૦
હળદર તળેલી સાંગલી ૮૦
મરચા વન્ડર હાટ ૨૦૫૦
મરચા વન્ડર મીડીયમ ૧૭૦૦
મરચા તેજા ૧૮૦૦
મરચું ગંતુર મીડીયમ ૧૯૦૦-૨૦૦૦
મરચા ટોમેટો ૨૨૦૦
મરચા ટોમેટો મીડીયમ ૧૯૦૦
કાશ્મીરી ૯૦
કાશ્મીરી મમરી ૯૦
સુપર પટની ૧૦૫
સુપર રજવાડી ૧૯૦
મરચા ડેડીકટ ૧૨૫
મરચાં ૫૮૦૦
**ગોળ બજાર**
વડેચા ગોલ્ડ ૧૦ કે ૪૪૦૦
વડેચા રજી ૧૦ કે. ૪૬૦૦
વડેચા ૫ કી. ૪૮૦૦
વડેચા ૧ કી. ૫૦૦૦
વડેચા ૨૫૦ ગ્રામ ૫૦૦૦
સાંગલી ૧૦ કે. ૪૩૦૦
**ખોળ બજાર**
દાણ ૭૦ કી.ગ્રા. ૬૫૦
મોરબી ખોળ ૧૦૫૦-૧૭૦૦
જીરાળુ ૧૭૪૦
ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. ૯૨૦-૧૫૪૦
મકાઈ ૩૫ કી.ગ્રા. ૫૩૦
જવ ભરડો ૩૫ કી.ગ્રા.૫૭૦
**પરચુરણ**
સોજી ૮૬૦
મેંદો ૮૬૦
શ્રીફળ એમ. ૮૮૦
નિરમા સાબુ૫૨૫
મેદી ૬૦-૧૦૦
અજમો ૧૪૦-૧૭૦
સાકરીયા ૪૪૦૦
ખાંડ બુરૂ ૪૪૦૦
કોકમ ફુલ ૧૮૦
એલચી ૧૧૦૦-૧૪૦૦
મોરૈયો ૬૫-૯૪
તલ ૯૦-૧૦૦
ખસ-ખસ ૩૫૦-૫૮૦
સીંગદાણા ૬૫-૮૦
**શાકભાજી(૨૦ કિલોના ભાવ)**
દુધી ૨૦૦-૨૪૦
સુકી ડુંગળી ૭૦૦-૮૦૦
લસણ ૭૦૦-૮૦૦
ધાણા ૧૦૦૦-૧૨૦૦
મરચાં ૪૦૦-૫૦૦
લીંબુ ૪૦૦-૫૦૦
અડવી પત્તા ૨૦૦-૩૦૦
આદુ ૬૦૦-૭૦૦
રીંગણ ૩૦૦-૪૦૦
ટામેટા ૭૦૦-૭૪૦
ભીંડા ૭૦૦-૮૦૦
કોબી ૪૦૦
વટાણા ૫૦૦-૬૦૦
ટીંડસા ૫૦૦-૬૦૦
ગવાર ૮૦૦-૯૦૦
બાદશાહ બટાકા ૧૪૦-૨૦૦
સાંગા બટાકા ૧૨૦- ૧૪૦
ચોળી ૬૦૦-૭૦૦
તુરીયા ૩૦૦-૬૦૦
તુવેર ૮૦૦-૯૦૦

**રખેવાળ ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....**

**'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો**

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.

★'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.

કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરોક્ષ અવશ્ય મોકલવી.

★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

**જન્મદિન મુબારક**

નામ :........................ પતિ/પિતા :........................
માતા : ........................જ.તા. .................ઉ.વ.
પરિચયઃ ...........................................................
સરનામુ : ........................................................
મોકલનારની સહી : ..............................................